પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૭૦ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૭-૦૭-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### રાજસ્થાનના વિવાદોનો અંત

## કોંગ્રેસે સચિન પાયલોટની ત્રણ માંગણીઓ સ્વીકારી, પાર્ટી કહેશે તેમ કરીશ : સચિન પાટલોટ



નવીદિલ્હી,

આ વર્ષના અંતમાં રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે તૈયારીઓ શરૂ કરી દીધી છે. તૈયારીના ભાગરૂપે રાજસ્થાનમાં આજે કોંગ્રેસ દ્વારા એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી, મુખ્યમંત્રી અશોક ગેહલોત, કોંગ્રેસ નેતા સચિન પાયલટ, કોંગ્રેસ મહાસચિવ કેસી વેણુગોપાલ અને પાર્ટીના રાજ્ય પ્રભારી સુખજિંદર રંધાવા સહિત ઘણા નેતાઓએ હાજરી આપી હતી. આ બેઠક પૂર્ણ થયા બાદ કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે મીડિયાને સંબોધતા કહ્યુ કે, મીટિંગમાં નેતાઓએ નિર્ણય લીધો છે કે, કોંગ્રેસ રાજસ્થાન ચૂંટણી જીતી શકે છે, પરંતુ શરત એ છે કે રાજસ્થાન કોંગ્રેસમાં એકતા હોવી જોઈએ.કોંગ્રેસ મહાસચિવ કેસી વેણુગોપાલે પાર્ટીની તૈયારીઓ પર કહ્યું કે, આજે બેઠકમાં હાજર તમામ નેતાઓએ એક થઈને ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. તેમણે એમ પણ કહ્યું કે, જીતવાની ક્ષમતાના આધાર પર જ ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. ઉમેદવારોની યાદી સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં જાહેર કરવામાં આવશે. કોંગ્રેસનો સૌથી મોટો નિર્ણય તો રાજસ્થાનમાં મુખ્યમંત્રીના ચહેરા વગર વિધાનસભાની ચૂંટણીમાં ઉતરવાનો છે. બેઠક બાદ કોંગ્રેસ મહાસચિવ કેસી વેણુગોપાલે લીધેલા નિર્ણયોની જાણકારી આપી હતી.

કેસી વેણુગોપાલે કહ્યું કે, ઉમેદવારોની યાદી સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયામાં જાહેર કરવામાં આવશે. જોકે, સીએમ અશોક ગેહલોત અને સચિન પાયલટ વચ્ચે શાંતિ માટે કોઈ ફોર્મ્યુલા પર તેમણે કોઈ ટિપ્પણી કરવાનો ઈનકાર કરી દીધો હતો. તેમણે કહ્યું કે પાર્ટી ચૂંટણી જીતવા માટે સક્ષમ ઉમેદવારને જ ટિકિટ આપશે. આ બેઠકમાં સામેલ નેતાઓએ સર્વસંમતિથી નિર્ણય લીધો હતો કે, જો પાર્ટીમાં એકતા હોય તો રાજસ્થાનની ચૂંટણી કોંગ્રેસ જીતી શકે છે. આ બેઠકમાં તમામ નેતાઓએ એક થઈને ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો હતો. આગામી ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી તેમની જીતવાની ક્ષમતાના આધારે કરવામાં આવશે તેવું પણ નક્કી કરવામાં આવ્યું હતું.

સૂત્રોએ જણાવ્યું કે પાર્ટીમાં સચિન પાયલટની ભૂમિકા અંગે એક સપ્તાહમાં મોટી જાહેરાત થઈ શકે છે. બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું કે વસુંધરા સરકારના ભ્રષ્ટાચાર સામે ગેહલોત સરકાર તાત્કાલિક પગલાં લેશે. આ બેઠકમાં સીએમ અશોક ગેહલોત અને પીસીસી ચીફ સહિત ૨૯ નેતાઓએ હાજરી આપી હતી.

તેમણે કહ્યું કે પાર્ટીએ નક્કી કર્યું છે કે દરેકે અનુશાસનનું પાલન કરવું પડશે. આ અંતર્ગત પાર્ટીની અંદર કોઈપણ મુદ્દા પર ચર્ચા કરવામાં આવશે. પક્ષના આંતરિક રાજકારણ વિશે પક્ષની બહાર બોલવાની કોઈને સ્વતંત્રતા નથી. જો કોઈ આવું કરશે તો કાર્યવાહી કરવામાં આવશે. તેમણે આ વાત એવા સમયે કરી છે જ્યારે ભૂતકાળમાં ગેહલોત અને પાયલટ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

સુત્રોએ જણાવ્યું હતું કે સચિન પાયલટની ત્રણ માગ કોંગ્રેસે સ્વિકારી લીધી છે જેમાં રાજસ્થાન પબ્લિક સર્વિસ કમિશન એટલે કે આપીએસસી નાબૂદ કરી તેનું પુનર્ગઠન કરવું જોઈએ,પેપર લીકના કારણે જે વિદ્યાર્થીઓને નુકસાન થયું છે તે તમામ વિદ્યાર્થીઓને યોગ્ય વળતર મળવું જોઈએ અને પૂર્વ સીએમ અને બીજેપી નેતા વસુંધરા રાજે સિંધિયા વિરુદ્ધ ભ્રષ્ટાચારના કેસની તપાસ થવી જોઈએ.પાયલોટે મીટિંગ દરમિયાન કહ્યું કે અમારા બધાનું એક જ જૂથ છે, તે છે રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે જૂથ. ટોચના નેતાઓએ ગેહલોત સરકારના વખાણ કર્યા, પરંતુ દલિત અત્યાચારના મામલામાં કડક પગલાં લેવા પણ કહ્યું. પ્રદેશ કોંગ્રેસના તમામ નેતાઓએ કહ્યું કે હાઈકમાન્ડ જે પણ નિર્ણય લેશે તે સ્વીકારવામાં આવશે.આ મીટિંગને લઈને સચિન પાયલટનું નિવેદન આવ્યું છે. પાયલોટે કહ્યું કે, પાર્ટી નેતૃત્વ મને જે પણ જવાબદારી આપશે, હું તેને નિભાવવા તૈયાર છું. સચિન પાયલોટે કહ્યું, "અમારી બેઠક ચાર કલાક સુધી ચાલી. અમે વિધાનસભાની ચૂંટણી સાથે જોડાયેલા દરેક મુદ્દા પર વાત કરી. અમે સાથે મળીને ચૂંટણી લડીશું. સત્તા વિરોધી લહેરને તોડવા પર ચર્ચા થઈ.

ખડગેએ ટ્વીટ કરીને કહ્યું કે કોંગ્રેસ પાર્ટીએ સમાવેશી વિકાસ અને જન કલ્યાણની યોજનાઓ રાજસ્થાનમાં ઘરે-ઘરે લઈ જઈ છે. રાજસ્થાનનો દરેક વર્ગ - ખેડૂતો, ખેતરો, મજૂરો, યુવાનો, મહિલાઓ અને સમાજનો દરેક વર્ગ કોંગ્રેસ પાર્ટીમાં પોતાનો વિશ્વાસ વ્યક્ત કરી રહ્યો છે. અમે દરેકની આકાંક્ષાઓનું ધ્યાન રાખીશું. રાજસ્થાનનું વર્તમાન અને ભવિષ્ય બંને કોંગ્રેસના હાથમાં સલામત છે. આ વખતે ઈતિહાસ બદલાશે.કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બેઠક બાદ ફેસબુક પોસ્ટમાં કહ્યું કે તેમણે ખડગેના નેતૃત્વમાં રાજસ્થાન કોંગ્રેસના નેતાઓ સાથે બેઠક કરી. તેમણે દાવો કર્યો કે રાજસ્થાનમાં કોંગ્રેસ ફરી એકવાર સરકાર બનાવશે અને લોકોના સારા ભવિષ્ય માટે કામ કરવાનું ચાલુ રાખશે.પાછલા મહિનાઓમાં, સચિન પાયલોટે અગાઉની વસુંધરા રાજેની આગેવાની હેઠળની ભાજપ સરકાર પર લાગેલા ભ્રષ્ટાચારના આરોપો સામે કથિત નિષ્ક્રિયતા માટે ગેહલોત સરકારની જાહેરમાં ટીકા કરી હતી. તેમણે ભૂખ હડતાળ અને પદયાત્રા પણ કરી હતી.

## ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે, ભારતમાં સીધા વિદેશી રોકાણમાં ૧૦ટકાનો વધારો

નવીદિલ્હી,

ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે અને વિશ્વએ દેશના આગળના પગલાંની પ્રશંસા કરી છે. હવે ભારતીય અર્થવ્યવસ્થા માટે વધુ એક સારા સમાચાર આવ્યા છે. વિદેશી રોકાણના મામલામાં ભારતે અમેરિકા, ચીન, બ્રિટન સહિતના વિશ્વના મોટા દેશોને પાછળ છોડી દીધા છે. વાસ્તવમાં, યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટના અહેવાલમાં જણાવાયું છે કે વર્ષ ૨૦૨૨માં ભારતમાં સીધા વિદેશી રોકાણમાં ૧૦ ટકાનો વધારો થયો છે, જ્યારે વિકસિત દેશોમાંથી તેનો પ્રવાહ ૩૭ ટકા ઘટ્યો છે. જાહેર કરાયેલ રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૨માં, ભારતે વિદેશી સીધા રોકાણના સંદર્ભમાં તમામ દેશોને પાછળ છોડી દીધા છે, દેશમાં એફડીઆઈ ૧૦ ટકા વધીને ૪૯ બિલિયન થઈ ગયું છે. રસપ્રદ વાત એ છે કે, એકંદરે એફડીઆઈના પ્રવાહમાં ઘટાડો મોટે ભાગે અદ્યતન અર્થતંત્રોમાં જોવા મળ્યો હતો, જ્યાં એક વર્ષ પહેલાની સરખામણીએ ૨૦૨૨માં એફડીઆઈ ૩૭ ટકા ઘટીને ૩૭૮ બિલિયન થવાની તૈયારીમાં છે. રિપોર્ટ અનુસાર, વિદેશી રોકાણ દ્વારા, ભારત હવે વૈશ્વિક સ્તરે નવા પ્રોજેક્ટ્સની જાહેરાત કરનાર ત્રીજો સૌથી મોટો દેશ બની ગયો છે. અને આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ ફાઈનાન્સ ડીલ્સમાં બીજા નંબરનો સૌથી મોટો દેશ બની ગયો છે. વર્લ્ડ ઈન્વેસ્ટમેન્ટ રિપોર્ટ-૨૦૨૩ જણાવે છે કે ૨૦૨૦માં કોરોના વાયરસ રોગચાળાના પ્રકોપ દરમિયાન એફડીઆઈમાં ભારે ઘટાડો નોંધાયા બાદ ૨૦૨૧માં મજબૂત સ્થિતિ જોવા મળી હતી. પરંતુ ૨૦૨૨માં ફરી એકવાર કુલ વૈશ્વિક એફડીઆઈનો પ્રવાહ ૧૨ ટકા ઘટીને ઈં૧.૩ ટ્રિલિયન થઈ ગયો છે. જ્યાં ભારતમાં ૧૦ ટકા એફડીઆઈ આવ્યું, ચીનમાં તે વાર્ષિક ૫ ટકાના વધારા સાથે ૧૮૯ અબજ ડોલર થયું. આ સિવાય સિંગાપોરમાં વિદેશી રોકાણ ૮ ટકા વધીને ૧૪૧ અબજ ડોલર સુધી પહોંચી ગયું છે, જ્યારે સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)માં તે ૧૦ ટકા વધીને ૨૩ અબજ ડોલર થઈ ગયું છે.

## ચીને પૂર્વ લદ્દાખમાં LOC પાસે જાસૂસી ડ્રોન તૈનાત કર્યા

નવીદિલ્હી,

પાડોશી દેશ ચીન તેની હરકતોથી બાજ આવી રહ્યું નથી. પૂર્વી લદ્દાખમાં સરહદ વિવાદ વચ્ચે, ડ્રેગને ભારતીય સરહદની જાસૂસી કરવા માટે સરહદની નજીક તેના અત્યાધુનિક ડબ્લ્યુઝેડ-૭, વિંગ લૂંગ ૨ ડ્રોનને તૈનાત કર્યા છે માહિતી અનુસાર, ચીને આ જાસૂસી ડ્રોનને એવી જગ્યાએ તૈનાત કર્યા છે જ્યાંથી તે ભારતીય પૂર્વ લદ્દાખની સરહદ પર જાસૂસી કરી શકે છે અને સેનાની ૧૪મી કોર્પ્સ અને ૩૩મી કોર્પ્સની હિલચાલ પર નજર રાખી શકે.

ભારતની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની વધતી શક્તિએ ચીનને તકલીફમાં મુકી દીધું છે. ચીનની આ હરકત પાછળનું સૌથી મોટું કારણ એ છે કે તે ભારતીય સેનાના ડરથી તેમના પર નજર રાખવા માંગે છે. એક રીતે જ્યાં ભારત સ્વદેશી ડ્રોનની મદદથી પોતાની તાકાત વધારી રહ્યું છે ત્યાં અમેરિકા સાથે તાજેતરમાં થયેલા ડ્રોન ડીલથી ચીનની ઊંઘ હરામ થઈ ગઈ છે. તેથી જ તે દરેક પરિસ્થિતિમાં ભારતની વધતી શક્તિથી પરેશાન છે અને મુશ્કેલી એ છે કે ચીને તિબેટના શિગાત્સે એરપોર્ટ પર ડબ્લ્યુઝેડ-૭ ડ્રોન, વિંગ લૂંગ ૨ ડ્રોન તૈનાત કર્યા છે, જ્યારે ગુપ્ત માહિતી એકત્ર કરવા, દેખરેખ અને હુમલો કરવા માટે જાસૂસી ડ્રોન તૈનાત કરવામાં આવ્યા છે.

ચીન પાસે ડ્રોન છે જેનો ઉપયોગ તે ઘણીવાર ભારત અને જાપાનની જાસૂસી માટે કરે છે. પરંતુ અહીં એ વિચારવાની જરૂર નથી કે દુશ્મન ચીનના આ જાસૂસી મામલાની જાણ ભારતીય સેનાને નથી, પરંતુ ભારત ચીનની દરેક ચાલને હરાવવા માટે તૈયાર છે અને તેની સાથે જ ભારત તેની શક્તિને વધુ મજબૂત કરવા માટે સતત પ્રયત્નશીલ છે.

ચીનને જવાબ આપવા માટે ભારતે ‘તપસ’ને તૈયાર કર્યો છે. આ સ્વદેશી હથિયાર ભારતની એઆઈ સેનાનું મજબૂત ચોકીદાર છે. જે ડીઆરડીઓ દ્વારા બનાવવામાં આવ્યું છે. આ સાથે ચીનને લાગેલા આ મરચાની પાછળ ભારત અને અમેરિકાના પ્રિડેટર ડ્રોનનો પણ સોદો છે, જેના કારણે ચીન હવે ભારતની સરહદોની જાસૂસી પર ઉતરી આવ્યું છે.



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહિસાગર જીલ્લામાં નલ સે જલ યોજનામાં ગેરરીતિ બહાર આવતાં

# જીલ્લાની વાસ્મો કચેરીના યુનિટ મેનેજર સહિત ૭ કર્મચારીઓની સસ્પેન્ડ સાથે બદલીથી ખળભળાટ

લુણાવાડા,
મહીસાગર જિલ્લામાં જળ અને સ્વચ્છતા એકમ હેઠળ ચાલતા કામોમાં ભારે ગેરરીતિ આચારવામાં આવી હોવાનું રાજકોટ વિજીલન્સ ટીમ દ્વારા જુદા જુદા સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું બહાર આવતાં રાજય સરકારે ફરજ બજાવતા વાસ્મો કચેરીના યુનિટ મેનેજર એ.જી.રાજપુરા સમેત ૭ જેટલા કર્મચારીઓની સામુહિક બદલીઓ સાથે સસ્પેન્ડ કરવા સુધીના આકરા તેવરો દેખાડવામાં આવતા નલ સે જલ યોજનાના વહીવટી તંત્ર અને ગેરરીતિઓ આચરનારા ઈજારેદાર ચહેરાઓમાં ભારે ખળભળાટ પ્રસરી જવા પામ્યો છે.




## કોની-કોની સામે થયેલી શિક્ષાત્મક કાર્યવાહી...

૧. એ.જી.રાજપરા, ના.કા.ઈ.(સિ).
૨. મૌલેશ હિંગું, આસિસ્ટન્ટ મેનેજર (ટેક).
૩. દશરથ પરમાર, આસિસ્ટન્ટ (ટેક).
૪. ભાવિક પ્રજાપતિ આસિસ્ટન્ટ (ટેક).
૫. કર્મવીરસિંહ સિસોદિયા, આસિસ્ટન્ટ મેનેજર (ટેક).
૬. અલ્પેશ પરમાર, આસિસ્ટન્ટ (મિકેનિકલ).
૭. સૂરપાલસિહ બારૈયા, આસિસ્ટન્ટ મેનેજર (ટેક).

જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, મહિસાગર

મહીસાગર જિલ્લામાં જળ અને સ્વચ્છતા એકમ હેઠળ ચાલતા કામોમાં કર્મચારીઓ અને ખાનગી એજન્સીઓની મિલીભગતથી ભ્રષ્ટાચાર આચરાયો હોવાની ગંભીર ફરિયાદો તથા આક્ષેપો છેલ્લા ઘણા સમયથી થયા છે. રાજ્ય સરકારે એસ્ટીમેન્ટ મુજબ નક્કી કરેલ ધારાધોરણ મુજબની PVC પાઈપના બદલે તકલાદી પાઈપો નાખવામાં આવી હોવાની બૂમો ઉઠી હતી. ઉપરાંત ગેલ્વોનાઈઝના કોક ના બદલે સાદા પ્લાસ્ટિકના કોક બેસાડી ઈજારદારો અને કર્મચારીઓ દ્વારા કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર લુણાવાડા, સંતરામપુર, કડાણા, ખાનપુર, બાલાસિનોર અને વીરપુર તાલુકામાં થયેલ હોવાનું માલુમ પડતા ચાલતા કામોની ઉચ્ચ કક્ષાએની તપાસ સમિતિ બનાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. મહીસાગર જિલ્લામાં નલ સે જલ યોજનાની કામગીરીઓ અધુરી અને તકલાદી હોવાની ઉભી થયેલ ગંભીર ફરીયાદોના આધારે ગાંધીનગર થી શરૂ થયેલ તપાસોમાં રાજકોટ ખાતેથી તપાસો માટે આવેલ વિજીલન્સ ટીમ દ્વારા લુણાવાડા મુખ્ય મથક ખાતે આવેલ વાસ્મો કચેરીના અધિકારીથી લઈને તમામ સ્ટાફને સસ્પેન્ડ કરવાના આકરા તેવરો દેખાડતા વહીવટી તંત્રમાં ભારે ખળભળાટ પ્રસરી જવા પામ્યો છે. મહીસાગર જિલ્લામાં નલ સે જલ યોજનાની કામગીરીઓનો કાર્યભાર સંભાળનાર લુણાવાડા સ્થિત વાસ્મો કચેરીમાં રાજકોટ ખાતેથી વિજીલન્સ ટીમના સુપ્રીટેન્ડેન્ટ એન્જિનિયર ધરાબેન એ. વ્યાસ તથા કોમલબેન અડાલજાના તાબા હેઠળ ટીમોએ સુચના અનુસાર કામગીરી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ વાસ્મોનો આઉટસોર્સિંગ સ્ટાફ આવેલ ટીમોને સહકાર આપવાના બદલે આંખ મિચોઈની રમત રમી સ્થળ ઉપરથી રફુચક્કર થઈ ગયો હતો. વાસ્મો કચેરીના યુનિટ મેનેજર એ.જી.રાજપુરા સમેત ૬ જેટલા કર્મચારીઓની સામુહિક બદલીઓ સાથે સસ્પેન્ડ કરવા સુધીના આકરા તેવરો દેખાડવામાં આવતા નલ સે જલ યોજનાના વહીવટી તંત્ર અને ગેરરીતિઓ આચરનારા ઈજારદાર ચહેરાઓમાં ભારે ખળભળાટ પ્રસરી જવા પામ્યો હતો તેમ કહેવાય છે.

- ભ્રષ્ટાચાર આચરાયો હોવાની ગંભીર ફરિયાદો તથા આક્ષેપો છેલ્લા ઘણા સમયથી ઉઠી હતી.
- નક્કી કરેલ ધારાધોરણ મુજબની PVC પાઈપના બદલે તકલાદી પાઈપો નાખવામાં આવી.
- કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર લુણાવાડા, સંતરામપુર, કડાણા, ખાનપુર, બાલાસિનોર અને વીરપુર તાલુકામાં થયેલ હોવાનું બહાર આવ્યું.

## એક તબક્કે ફીનાઈલ પી જવાની ચીમકીનો પ્રયાસ...

રાજકોટની ટીમ દ્વારા હાથ ધરાયેલી તપાસ દરમિયાન એમાં કહેવાય છેકે, વાસ્મો કચેરીના એક કર્મચારીએ અસહ્ય માનસિક ત્રાસના પગલે એક તબક્કે ફીનાઈલ પી જવાની ચીમકીનો પ્રયાસ કરતા રાજકોટ વિજીલન્સ ટીમના સત્તાધીશો પણ ચોંકી ગયા હતા. આ રીતે એક કર્મચારીએ ઉચ્ચતંત્રની તપાસ ટીમની નાક દબાવીને તપાસ માંથી હેમખેમ બહાર નિકળવાના અખ્તયાર કરાયા હોવાનું જાણવા મળેલ છે.

## એ.જી.રાજપરા, ના.કા.ઈ.(સિ) દ્વારા સહકાર અપાયો નહિં...

એ.જી.રાજપરા, ના.કા.ઈ.(સિ) હાલ મહિસાગર ખાતે જિલ્લા જળ અને સ્વચ્છતા એકમમાં યુનિટ મેનેજર તરીકે ફરજ બજાવી રહેલ છે. ‘નલ કે જલ’ની મહિસાગર જિલ્લાની કામગીરી દરમ્યાન ગેરરિતી અંગેની ફરિયાદોના સંદર્ભમાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ હસ્તકની વિજિલન્સ ટીમ બે દ્વારા સ્થળ તપાસ હાથ ધરવામાં આવેલ છે. તપાસ દરમ્યાન ટીમના સભ્યોને જરૂરી દસ્તાવેજો પુરા પાડવામાં આવતા નથી અને પુરતી માહિતી આપવામાં આવતી નથી. આમ કરીને તેઓ દ્વારા તપાસમાં વિક્ષેપ કરવામાં આવી રહેલ છે. ઉપરાંત મહિસાગરની કચેરીના મોટા ભાગના કર્મચારીઓને રજા પર ઉતારી દેવામાં આવેલ કે જેના કારણે સ્થળ તપાસ કરવા આવેલ અધિકારીઓ તપાસની કામગીરી કરી શકત નથી. અત્યાર સુધી થયેલ તપાસ અન્વયેના મળેલ રિપોર્ટ મુજબ રેકર્ડ કરેલ માપની સામે અમુક ગામોમાં ઓછા માપની પાઈપો સ્થળ તપાસ દરમ્યાન મળેલ છે. અમુક કિસ્સામાં જે કંપનીની પાઈપ દર્શાવેલ સિવાયની કંપનીની પાઈપો સ્થળ ઉપર મળેલ છે. આમ, સ્થળ તપાસમાં પ્રાથમિક દ્રષ્ટિએ ગંભીર અનિયમિતતા જણાતી હોઈ તેમજ સ્થળ તપાસમાં અસહકાર અને રૂકાવટના પ્રયત્નો ધ્યાને લેતાં રાજપરાને ફરજ ઉપર ચાલુ રાખવા હિતાવ જણાંતું નથી. સક્ષમ કક્ષાએથી લેવાયેલ નિર્ણય મુજબ રાજપરાની ઉપરોક્ત ગેરશિસ્ત બદલ ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ના નિયમ - આ હેઠળ તાત્કાલિક અસરથી ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવે છે. તેઓની સદર ફરજ મોકુફી નીચેની શરતોને આધીન રહેશે.

# ખાનપુરના ઝેર-ઉમરીયા ગામે કોતર ઉપર ત્રણ મહિલા પહેલા બનાવેલ નાળું ધોવાયું હલ્કી ગુણવત્તાના આક્ષેપ

ખાનપુર,
ખાનપુર તાલુકામાં પડેલા વરસાદને પગલે ઝેર-ઉમરીયા ગામમાં કોતર પણ બનાવેલુ નાળું ધોવાયું. ત્રણ માસ અગાઉ બનાવવામાં આવેલ આ નાળું ધોવાતા કામગીરી પર ગ્રામજનોએ ઉઠાવ્યા સવાલો. આ કામગીરી થઈ, જેમાં માટીનું પુરાણ કરી નાળાને જોઈન્ટ કર્યા વગર નાણાં ગોઠવી દીધા અને માટી પુરાણ કરી હલકું પ્લાસ્ટર કરી રામ ભરોસે છોડી કામ પૂરૂં કરી ખાનપુર તાલુકામાં પડેલા વરસાદને પગલે ઝેર- ઉમરીયા ગામમાં કોતર પણ બનાવેલુ નાળુ ધોવાયું ત્રણ માસ અગાઉ બનાવવામાં આવેલ આ નાળું ધોવાતા કામગીરી પર ગ્રામજનોએ ઉઠાવ્યા સવાલો. આ કામગીરી થઈ. જેમાં માટીનું પુરાણ કરી નાળાને જોઈન્ટ કર્યા વગર નાણાં ગોઠવી દીધા અને માટી પુરાણ કરી હલકું પ્લાસ્ટર કરી રામ ભરોસે છોડી કામ પૂરૂં કરી દીધું. ગ્રામજનો અનેકવાર રજૂઆત કરવા છતાં કોન્ટ્રાક્ટર કે અધિકારીઓ પોતાની મનમાનીથી આ કામ પૂર્ણ કરી જતા રહ્યા આ કામ હલકી ગુણવત્તાનું કરવા છતાં અધિકારીઓએ કેવી રીતે કર્યું પાસ. શું અધિકારીઓ પણ સંડોવાયેલા હોઈ શકે? કોતર થી ગામમાં જવાના રસ્તે બનાવવામાં આવેલ નાળુ પહેલા વરસાદમાં જ ધોવાયું મોટું વાહનના જઈ શકે તે રીતે નાળુ ધોવાતા ગ્રામજનોને હાલાકી એક ચોમાસું પણના વેઠી શક્યું ભ્રષ્ટાચારની ભેટ ચડેલુ નાળુ. કોતર પર બનાવવામાં આવેલ આ નાળું માટી પુરી ઉપર માત્ર સિમેન્ટ લગાવી દેવામાં આવ્યું હોય તેવા દ્રષ્યો જોવા જોવા મળ્યા. ગ્રામજનોએ હલકી ગુણવત્તાનું આ કામ હાથ વડે તોડી નાળાના કેટલાક ભાગને બતાવ્યા તો એવુ જણાય છે કે, માત્રને માત્ર માટી પૂરણ કરી ઉપર બતાવવા માટે જ કામગીરી કરી હોય તેવું તેવું જણાય આવે છે દીધું. ગ્રામજનો અનેકવાર રજૂઆત કરવા છતાં કોન્ટ્રાકટર કે અધિકારીઓ પોતાની મનમાનીથી આ કામ પૂર્ણ કરી જતા રહ્યા આ કામ હલકી ગુણવત્તાનું કરવા છતાં અધિકારીઓએ કેવી રીતે કર્યું પાસ. શું અધિકારીઓ પણ સંડોવાયેલા હોઈ શકે? કોતર થી ગામમાં જવાના રસ્તે બનાવવામાં આવેલ નાળુ પહેલા વરસાદમાં જ ધોવાયું મોટું વાહનના જઈ શકે તે રીતે નાળુ ધોવાતા ગ્રામજનોને હાલાકી એક ચોમાસુ પણ ના વેઠી શક્યું ભ્રષ્ટાચારની ભેટ ચડેલુ નાળુ.કોતર પર બનાવવામાં આવેલ આ નાળુ માટી પુરી ઉપર માત્ર સિમેન્ટ લગાવી દેવામાં આવ્યું હોય તેવા દ્રષ્યો જોવા જોવા મળ્યા. ગ્રામજનોએ હલકી ગુણવત્તાનું આ કામ હાથ વડે તોડી નાળાના કેટલાક ભાગ ને બતાવ્યા તો એવુ જણાય છે કે માત્રને માત્ર માટી પૂરણ કરી ઉપર બતાવવા માટે જ કામગીરી કરી હોય તેવું તેવું જણાય આવે છે.



# સંતરામપુર ભુવનેશ્વરી મંદિર પાસે બગીચામાં સાફસફાઈનો અભાવ



સંતરામપુર,
સંતરામપુર ભુવનેશ્વરી મંદિર પાસે બાલિકાઓ ગૌરી વ્રત નિમિત્તે ફરવા ગયેલા તે દરમિયાનમાં બગીચાની સફાઈ અને સુવિધાથી વંચિત અને અભાવ જોવા મળેલો હતો. સંતરામપુર નગરમાં ગૌરીવ્રત નિમિત્તે મોટાભાગના લોકો ભુવનેશ્વરી મંદિર પાસે આનંદ મળવા માટે અને ફરવા માટે આવતા હોય છે, પરંતુ પાલિકાની ઘોરબેદરકારીના કારણે આ બગીચા પાસેજ ડડી ઝાંખરા ઉગી નીકળેલા હતા અને ખાડાઓ પડી જવાના કારણે ગંદુ પાણી પણ ભરેલું હતું. તેને સફાઈ ન કરવાના કારણે મચ્છરનો ઉપદ્ર પણ વધી રહેલો હતો. ફરવા આવેલા બાલિકાઓ અને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી આવેલો હતો. આટલું મોટું ગામ હોવા છતાં વ્યવસ્થિત બગીચો ના હોવાના કારણે ગ્રામજનો નારાજગી પણ વ્યક્ત કરી હતી. મંદિરની બાજુમાં જ બગીચામાં ચારે બાજુ ઝાડી ઝાંખરા અને પાણીના ખાબોચીયા હોવાના કારણે બાલિકાઓ આનંદ ના મેળવી શક્યા અને એક જ બાજુ બેસી રહેવાનો વારો આવ્યો અને કેટલાક બાલિકાઓ ફરવા માટે આવ્યા જ નહીં તેવી પરિસ્થિતિ જોવા મળી હતી. નગરપાલિકાની ઘોરબેદરકારીના કારણે આવી પરિસ્થિતિ જોવા મળેલી હતી. સંતરામપુર આટલું મોટું ગામ હોવા છતાં આટલો મોટો આટલા વર્ષોથી પાલિકા જ બગીચો પણ ના બનાવ્યો અને ભુવનેશ્વરી માતાને બાજુ સુવિધાને અભાવ જોવા મળી આવેલો હતો.



સંતરામપુર થી માલવણ નજીક ઈંગ્લીશ દારૂની બોટલો ખુલ્લામાં જોવા મળી આવી. સંતરામપુર-માલવણ રોડ ઉપર અલગ અલગ બ્રાન્ડની ઈંગ્લિશ દારૂની બોટલો રોડની સાઈડમાં ખુલ્લામાં જોવા મળી આવેલી હતી. ગુજરાતમાં દારૂની બનતી હોવા છતાં આ દારૂની બોટલ આવી ક્યાંથી ત્યાં અનેક સવાલો ઊભા થઈ રહેલા છીએ. ત્યારે માલવણ નજીક આવેલા કડાણા તાલુકામાં ભૂખી ગામ નજીક મોટાભાગના ઈંગ્લિશ દારૂની બોટલો અને તેના બ્રાન્ડેડ ખોખાઓ અને બોક્સો ખુલ્લા ખેતરોમાં જોવા મળી આવતા આજુબાજુનો ગ્રામજનોમાં ભારે આક્રોશ જોવા મળી આવેલો હતો.

## આપની આજ.......

મેષ : આજ સવારથી કંઈક વિચિત્ર વાતાવરણ રહેશે. દૈનિક ઘરના કામો પણ અમૂક અટકળો પછી જ પૂર્ણ થશે. ધંધો કરતા લોકોના જીવનમાં લાંબા સમયથી ચાલી રહેલી સમસ્યા આજે સમાપ્ત થઈ શકે છે.

વૃષભ : આજે વેપાર અને ધંધામાં જે ઉતાર ચઢાવ આવે છે તે હેન્ડલ કરવો જરૂરી છે. તમને તમારા સાથીદારોથી સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી રહી છે, આજે તેઓ તમને નુકસાન પહોંચાડી શકે છે.

મિથુન : આજે પણ ધંધાની કેટલીક મૂંઝવણ તમને પરેશાન કરી શકે છે. જો તમે તમારો રસ્તો સરળ અને સીધો બનાવવા માગતા હોવ તો એવું કરો કે તાત્કાલિક લાભ મળે.

કર્ક : આજનો દિવસ તમારા માટે સારો છે. તમે જે પણ કાર્ય કરશો, તમને સફળતા મળશે. જો તમે કોઈ નવું કામ શરૂ કરવા જઈ રહ્યા છો તો અચાનક તમારી ફંડ સંબંધિત સમસ્યા પણ દૂર થઈ જશે.

સિંહ : તમે શેર-બજારના મામલામાં ફસાઈને ઘણા પૈસા બગાડ્યા છો. આવી સ્થિતિમાં, તમારા માટે સારું રહેશે કે તમે જૂની ઘટનાઓથી શીખો. સમજદારીથી રોકાણ કરો. આજે કોઈ નવું કાર્ય ના કરવાનું ધ્યાનમાં રાખો.

કન્યા : તમારી કાર્ય કરવાની રીત નવી છે. કોઈપણ જટિલ કાર્ય સરળતાથી પૂર્ણ કરવામાં તમને બહુ સમય લાગતો નથી. તમારી આ પદ્ધતિ તમને તમારા કાર્યક્ષેત્રમાં આજે અપાર સફળતા પ્રાપ્ત કરાવી શકે છે.

તુલા : આજે વધારે ખર્ચ થશે. કોઈ કારણસર અથવા બીજા કારણે બિનજરૂરી ખર્ચનો યોગ છે. આજે તમારે વ્યર્થ મુસાફરી પણ કરવી પડી શકે છે. કોઈપણ સ્પર્ધાના બાકી પરિણામો આજે આવે તેવી પણ સંભાવના છે.

વૃશ્ચિક : આજે તમારા ઉપર કોઈ વિશેષ કાર્યનું દબાણ આવી શકે છે. આ માટે તમારે તમારા કામમાંથી થોડો સમય પણ આપવો પડી શકે છે. નિરાશ ના થાઓ, ધૈર્ય રાખો અને તમારી જાત પર વિશ્વાસ કરો પછી તમે જોશો કે કેટલી સરળતાથી જવાબદારી નિભાવો છો.

ધનુ : આજે પૈસા કમાવવાના ઘણા રસ્તા ખુલશે. રોકાણમાં પણ લાભની સંભાવના છે. જમીન-મકાનની ખરીદી કરતા પહેલા એકવાર વરિષ્ઠ લોકોનો અભિપ્રાય લો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

મકર : લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા પછી આજે તમને એકાંતમાં સમય પસાર કરવો ગમશે. તે તમારા માટે પણ યોગ્ય રહેશે. ધ્યાનમાં રાખો કે આ સમય તમારા સ્વાસ્થ્ય પર વધુ ધ્યાન આપવાનો છે.

કુંભ : કોઈપણ ખોટા કાર્યને જોયા પછી અવાજ ઉઠાવવાની તમારી આદત આજે તમને ભારે પડી શકે છે. પરંતુ તમારે નિરાશ થવાની જરૂર નથી. તમે ફક્ત એક જ વસ્તુ ધ્યાનમાં રાખો કે જો તમે સાચા છો અને અધિકાર માટે અવાજ ઉઠાવો છો, તો પછી કોઈને કંઈ પણ કહેવામાં ડરશો નહીં અને પાછળ ના હટશો.

મીન : આજે તમને કોઈ ખૂબ મહત્વનું ઓફિસનું કામ આપવામાં આવશે. તમે આ કાર્ય પૂર્ણ કરી શકશો કે નહીં તે વિચારવાના બદલે કાર્ય પૂર્ણ કરવાનો પ્રયાસ કરો. તમારા બધા કાર્ય દિલથી કરો, પછી જુઓ કે તમે આ મહત્વપૂર્ણ કાર્યને સરળતાથી કેવી રીતે પૂર્ણ કરી શકો.

# સંતરામપુરની સત્યપ્રકાશ સોસાયટીમાં ગામનો કચરો ઠલવાતો હોય પરંતુ ત્યાં સફાઈનો અભાવ

સંતરામપુર,
આ તો ખોટું જ છે, ચોમાસાની સિઝનમાં ખુલ્લા પ્લોટમાં કચરો ઠાલવીને આરોગ્ય માટે ખતરારૂપ સાબિત છેલ્લા ઘણાં સમયથી સત્યપ્રકાશ સોસાયટીમાં આખા ગામનો કચરો ખુલ્લા પ્લોટમાં ઠાલવવામાં આવતો હોય છે, પરંતુ અહીંયાથી સફાઈ ના કરવાના અભાવે આ કચરો ચારે બાજુ ફેલાઈ ગયેલો જોવા મળી આવેલો છે અને આના કારણે મોટાભાગના પશુઓ ભેગા થઈને ગંધવાનો અને પ્લાસ્ટિક વાગોળતા હોય છે. પવન આવે એટલે ચારે બાજુ તેની દુર્ગંધ ફેલાતી હોય છે. આજુબાજુના રહીશો પણ ત્રાહિહામ પોકારે ઊઠચા છે. આ બાબતની અનેક વાર રજૂઆત કરવા છતાં પાલિકા દ્વારા અહીંયા થી કચરાને ઉઠાવવામાં આવતો નથી અને સફાઈ કરવામાં આવતી જ નથી. જેના કારણે મોટાપાયે ગંભીર બીમારીનો પ્રશ્નો ઉભો થયેલો છે. ચોમાસા દરમિયાનમાં આવી ઋતુમાં ડેન્ગ્યુ જેવી બીમારીનું પણ ભરણામાં રહી શકે છે. આવી પરિસ્થિતિને જોઈને સ્થાનિક લોકોએ અવારનવાર રજૂઆત કરી છતાય સફાઈ કરવામાં આવતી નથી. છેલ્લા ઘણા સમયથી સ્થાનિક રહીશો આવા ગંધવાડાના કારણે પોતાનો ઘરનો દરવાજો ખોલવો પણ તૈયાર નથી. તેવી આવી પરિસ્થિતિ ઉભી થયેલી છે. અમે વારંવાર રજૂઆત કરવા છતાં સફાઈ કામદાર અહીંયા જ કચરો ઠાલવી જાય છે અને દુર્ગંધ મારતી હોય છે. જેના કારણે આરોગ્ય માટે થતા રૂપ સાબિત થતો હોય છે. અહીંયા થી કચરો બંધ કરે અને સફાઈ કરવામાં આવે તેવી અમારી માંગ છે. દીપેશભાઈ પ્રજાપતિ.



## જાહેર નિવિદા

શ્રી જે.આર.દેસાઈ જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ – મોરા, પંચમહાલ

### સ્ટેશનરી તથા હોસ્ટેલ વપરાશ સામાનના ભાવ પત્રક મંગાવવા બાબત

પંચમહાલ જિલ્લા ખાતે મુ.મોરા, તા.મોરવા(હ) ખાતે કાર્યરત શ્રી જે.આર.દેસાઈ જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ(DLSS)ના ખેલાડીઓ માટે ગુજરાત સરકારશ્રીની નવી શિક્ષણનીતી મુજબ વર્ષ ૨૦૨૩-૨૪ માં પ્રથમ અને બીજા સત્રની સ્ટેશનરી ખરીદ કરવાની હોઈ ગુ.મા.શિ.બોર્ડ. ધ્વારા પ્રકાશિત પાઠય પુસ્તકો, ગાઈડો(નવનીત), બોલપેન, પેન્સિલ, કંપાસ, ડ્રોઈંગ બુક, કલર, પ્રયોગપોથી, નકશાપોથી, એકઝામ પેડ, ગ્રાફબુક વગેરે તેમજ નોટબુક ૧૦૦/૨૦૦ પેજ (સાદી અને ૪ લાઈન), ચોપડા ૨૦૦ પેજ, સ્કુલ ડ્રેસ, બુટ, મોજા, સ્કુલ બેગ તથા હોસ્ટલ સામાન માટે ગાદલા, ઉશિકા, ચાદર, ચોરસા, બેડશીટ, પીલો કવર, લંચ બોકસ, વોટર બોટલ, પ્લાસ્ટીક ડોલ ટમ્બલર, સ્ટીલ થાળી, વાટકી, ચમચી, ગ્લાસ વિગેરે સામાન ખરીદ કરવાના હોઈ સરકારશ્રીના નિયમોને આધીન રસ ધરાવતી પાર્ટીએ આ જાહેરાત પ્રસિધ્ધ થયે દિન - ૦૭ માં સીલબંધ કવરમાં લેટરપેડ પર જી.એસ.ટી.સહીતના ભાવની વિગત નીચેના સરનામે રજી.પો.એ.ડી.થી મોકલી આપવાના રહેશે.

ટેન્ડર મોકલવાનું સરનામું : શ્રી જે.આર.દેસાઈ જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ મુ.મોરા, તા.મોરવા(હ),જિ.પંચમહાલ.




મહીસાગર જીલ્લામાં અગામી ધોરણ ૧૦ અને ૧૨ની સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા સંદર્ભમાં પરીક્ષા સમિતીની બેઠક જીલ્લા કલેકટર ભાવિન પંડ્યાના અધ્યક્ષ સ્થાને કોન્ફરન્સ હોલ જીલ્લા સેવા સદન લુણાવાડા ખાતે યોજાઈ હતી.

# મહીસાગર જીલ્લાના ચૂથાના મુવાડા ગામ ખાતે વાનગી નિદર્શન સ્પર્ધા યોજાઇ




મહીસાગર,
ભારતની પરંપરાગત ખેત પેદાશોની ખેતી અને તેના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે વડાપ્રધાનની હિમાયતનાં પગલે સંયુકત રાષ્ટ્રએ વર્ષ ૨૦૨૩ ને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. તે અંતર્ગત રાજ્ય કક્ષાએથી મિલેટ વર્ષ દરમિયાન મિલેટ માંથી બનતી વિવિધ વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના ચુથાનાં મુવાડા ગામના બહેનો દ્વારા આયોજન કરી ઉજવણી કરેલ હતી. જેમાં મિલેટમાંથી બનતી વિવિધ વાનગી બનાવવામાં આવી હતી. આ સ્પર્ધા યોજવાનો મુખ્ય હેતુ આઇ.સી.ડી.એસ.ના તમામ લાભાર્થી તથા છેવાડાના લોકો સુધી મિલેટ તથા તેમાંથી બનતી પોષણયુક્ત વાનગી વિશે જાગૃતતા કેળવવી, પરંપરાગત ધાન્યના ઉપયોગ અંગે જાગૃતતા ફેલાવવાનો અને ટી.એચ.આર. અંગેની જાગૃતતા અને તેના ઉપયોગ અંગે પ્રોત્સાહિત કરવાનો છે. આ પ્રસંગે સરપંચ, હેલ્થ ઓફિસર, મુખ્ય સેવિકા અમી પટેલ, પાપા પગલી પ્રોજેક્ટ સુપરવાઈઝર કોમલ પુવાર, શાળાના શિક્ષકો અને આઇ.સી.ડી.એસ. વિભાગની આંગણવાડી કાર્યકર બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## ઝાલોદ સ્વર્ણિમ સર્કલથી ભૂગર્ભ ગટર દ્વારા
# વણકતલાઈ મંદિર પાછળના તળાવમાં પાણી નાખવાના આયોજન બાબતે નગરમાં ઉગ્ર વિરોધ

ઝાલોદ,

ઝાલોદ નગરમાં હવે ઠેર ઠેર વરસાદી પાણી ભરાવવાના બનાવો બની રહ્યા છે. તેમાં વરસાદી પાણીના નિકાલને લઈ સહુથી વિકટ સમસ્યા ગીતામંદિર આગળ વ્યાપાર કરનાર વ્યાપારી વર્ગના લોકોની છે. ગીતામંદિર વિસ્તારમાં આવેલ દુકાનોમાં વરસાદી પાણી ભરાઈ ગયાના બનાવો કેટલીય વાર બની ગયેલ છે, તેને લઈ અહીંના વ્યાપારીઓને કેટલીયવાર વરસાદી પાણી ભરાઈ જવાથી આર્થિક રીતે નુકશાન પણ થયેલ છે. મોડું મોડું તંત્ર વરસાદી પાણીના નિકાલની કામગીરી માટે જાગ્યુંતો ખરૂં પરંતુ આયોજનમાં અભાવ હોય તેવું નગરના લોકોને લાગી રહ્યું છે.

ગીતા મંદિરથી સ્વર્ણિમ સર્કલ લઈ વરસાદી પાણીના નિકાલની કામગીરી કરવામાં આવતા ગીતા મંદિરના વ્યાપારી વર્ગ તેમજ અહીં વસનાર લોકોમાં ખુશી જોવાતી હતી.

જવાબદાર તંત્ર દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે વણકતળાઈ હનુમાનજી પાછળના તળાવમાં વરસાદી પાણીના નિકાલનુ આયોજન કરવામાં આવ્યું હતું. આ વાતની જાણ નગરમાં વસતા લોકોને ખબર પડતાં વણકતળાઈ મંદિર પાછળના તળાવમાં વરસાદી પાણી ન છોડવા માટે પ્રાંત ઓફિસર, નગરપાલિકાના વહીવટદાર, ઈ.ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરી આ કામગીરી અટકાવવા માટે માંગ કરેલ છે.


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

નગરજનો માટે હિન્દુ સમાજના આસ્થાનું પ્રતિક એવું વણકતળાઈ હનુમાનજી મંદિર સાથે ખૂબ જ આસ્થા સાથે જોડાયેલ છે. આ મંદિરમાં વર્ષ દરમ્યાન દરેક હિન્દુ તહેવારોની ઉજવણી ખૂબ જ ધૂમ ધામ પૂર્વક થતી હોય છે, તેમજ આ મંદિરમાં વર્ષ દરમ્યાન ભક્તો દ્વારા સવામણીનો અવિરત પ્રવાહ તો ચાલુ જ હોય છે. તેમજ મરણોત્તર પછીની ક્રિયા મંદિરના પાછળના તળાવ પર કરવામાં આવે છે. જો વરસાદી પાણીના નિકાલ માટે જો તંત્ર વણકતળાઈ પાછળના તળાવમાં કરશે તો નગરના સમગ્ર હિન્દુ સમાજની લાગણી દુભાય તેમ છે. નગરના હિન્દુ સમાજની આસ્થા સાથે જો ચેડાં કરાશે તો નગરના સમગ્ર હિન્દુ સમાજ આ માટે ઉગ્ર આંદોલન પણ કરશે અને તેના માટે જવાબદાર તંત્ર રહેશે. તેવી પણ ચીમકી નગરજનો દ્વારા આપવામાં આવી હતી.

જવાબદાર તંત્ર વણકતળાઈ મંદિર પાછળ વરસાદી પાણીનો નિકાલ ન કરી અન્ય વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવી આયોજન કરે તેવું નગરજનોનુ માનવુ છે.

નગરજનોમાં અંદરો અંદર એવી પણ વાતો વહેતી થયેલ છે કે, જે તે સમયે આવા આયોજન કે આવી કામગીરીને લઈ નગરજનો સાથે કોઈ પણ જાતનું સંકલન કરવામાં આવેલ નથી અને જે તે સમયના જવાબદાર કોર્પોરેટરોએ આ અંગે લાંબુ વિચાર્યા વગરની આ યોજના બનાવેલ છે. તેવો ગણગણાટ નગરજનોમાં થઈ રહેલ છે. વરસાદી પાણીના નિકાલ સાથે તે પાણીમાં ગટરનું પાણી પણ મિક્સ થશે અને આવું ગંધાતુ પાણી વણકતળાઈ મંદિરના તળાવમાં થવાથી સમગ્ર હિન્દુ સમાજની લાગણીને ઠેશ પહોંચશે અને જો જવાબદાર તંત્ર આ અંગે નહીં સાંભળે તો જરૂર પડશે, તો નગરનો સમગ્ર હિન્દુ સમાજ આ અંગે ઉગ્ર આંદોલન કરશે. તેવું આવેદનપત્ર આપી મૌખિક રજૂવાત કરાઈ હતી.

નગરના પ્રાંત અધિકારી, નગરપાલિકા વહીવટદાર તેમજ ઈ.ચીફ ઓફિસર દ્વારા આ અંગે યોગ્ય કામગીરી કરવાની બાહેંધરી આપી હતી.

# સંજેલી પુષ્પ સાગર તળાવ સાફ કરવા વારંવાર રજૂઆત કરવામાં આવી છતાં યોગ્ય સફાઈનો અભાવ

સંજેલી,

સંજેલી પુષ્પ સાગર તળાવમાં છેલ્લા ઘણા સમયથી તળાવની સફાઈ અંગે સ્થાનિકો દ્વારા પ્રશ્નો ઉઠી રહ્યા છે. સાફ સફાઈ કરવા વારંવાર રજૂઆત કરવા છતાં પણ તળાવ ઉપર યોગ્ય ધ્યાન આપવામાં આવતું નથી અને ગંદકીથી ભરપૂર સંજેલી તળાવ તંત્રને સાફ કરાવવામાં રસ નથી. તળાવ કિનારે ગંદકી અને ગંદુ દુર્ગંધવાળું પાણી અને અસહ્ય દુર્ગંધથી સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. કેટલા સરપંચ આયા અને કેટલા ગયા પણ કોઈ સરપંચ તળાવની ગંદકીને લઈ સાફ સુફાઈ માટે યોગ્ય ધ્યાન આપતા નથી. ચૂંટણી આવે એટલે મોટા મોટા વાયદા કરી ગાયબ થઈ જતા હોય છે. ભોળી



ભાળી પ્રજાને છેતરી જતા હોય છે. પ્રજાને લગતી આ ગંભીર સમસ્યાનો નિકાલ થાય અને તળાવની ગંદકી યોગ્ય રીતે સાફ–સફાઈ કરવામાં આવે તેવી નગરજનોની માંગ ઉઠવા પામી છે. સંજેલી પુષ્પ સાગર તળાવમાં થતી ગંદકી આ અંગે અધિકારીઓ ધ્યાન આપશે ખરાં? હાલની પરિસ્થિતિમાં તળાવમાં ઊગી નીકળેલી વેલો અને કિનારા ઉપર ભારે ગંદકી જોવા મળી રહી છે. તળાવ કિનારે ઉભું પણ રહેવાતું નથી. પવનની લહેર આવતા અસહ્ય દુર્ગંધ આવે છે. જ્યારે તળાવ તરફથી ઊડતી જીવતો કિનારાની આસપાસના વિસ્તારને પ્રભાવિત કરે છે. જયારે કિનારા ઉપર મચ્છરોનો પણ ભારે ત્રાસ જોવા મળી રહ્યો છે. તેવી ગંભીર સમસ્યાથી તળાવ કિનારા ઉપર અવરજવર કરતા તેમજ ધાર્મિક સ્થળો પર આવતા જતા રહીશો ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. તંત્ર રોગ ચાળો વકરે તેની રાહ જોઈ રહ્યું છે. કે કેમ એ પણ વિચારવા જેવું છે.

સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે. ઠેર ઠેર સ્વચ્છતા સૂત્રો જોવા મળે છે. છતાં તંત્ર ઘોર નિંદ્રામાં હોય તેમ જોવા મળી રહી છે.

# દે.બારીયાના પીપલોદ ગામે જુગારધામ ઉપર સ્ટેટ મોનિટરીંગ સેલે રેઈડ કરી ૧૫ જુગારીયાને ઝડપ્યા

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામે જાહેરમાં ખુલ્લી જગ્યામાં મોટા પાયે રમાતા જુગાર ધામ પર ગાંધીનગરની સ્ટેટ વીજીલન્સની ટીમે ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાઈજવા પામ્યાં હતાં. પોલીસે ૧૫ જુગારીઓને ઝડપી પાડી દાવ પરથી તેમજ અંગઝડતીમાંથી કુલ રોકડા રૂપીયા ૨૪,૭૧૦ની રોકડ રકમ સાથે ૧૧ મોબાઈલ ફોન અને ૦૬ વાહનો મળી પોલીસે કુલ રૂા. ૨,૦૨,૫૧૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.



દાહોદ શહેરના ઈન્દૌર હાઈવે રોડ પર ડમ્પીંગયાર્ડની પાછળના ભાગે બે દિવસ પહેલાં ગાંધીનગરની સ્ટેટ વીજીલન્સની ટીમે જુગાર ધામ પર દરોડો પાડી ૧૫ જુગારીઓને ઝડપી પાડી ૧૦ લાખ ઉપરાંતનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. ત્યારે આ બનાવમાં દાહોદ સ્થાનીક પોલીસ ઉંઘતી ઝડપાઈ હતી. ત્યારે આવો જ એક બનાવ દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામે બનવા પામ્યો છે, જેમાં પણ સ્થાનીક પોલીસ ઉંઘતી ઝડપાઈ હતી અને સ્થાનીક પોલીસના નાક નીચેથી ગાંધીનગરની સ્ટેટ વીજીલન્સની ટીમે જુગાર ધામ પર દરોડો પાડ્યો હતો. જેમાં ગતરોજ ગાંધીનગરની સ્ટેટ વીજીલન્સની ટીમને મળેલ બાતમીના આધારે પીપલોદ નગરમાં ભુત ફળિયામાં ખુલ્લા ખેતર પાસે જાહેરમાં ખુલ્લા છાપરામાં મોટાપાયે જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે આ સ્થળે ઓચિંતો છાપો મારતાં જુગાર રમી રહેલ જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યાં હતા. જેમાં પોલીસે ૧૫ જુગારીઓને ઝડપી પાડ્યાં હતા. જેમાં સતીષ દાઉદપાલ અગ્રવાલ, ગોવિંદભાઈ પ્રતાપભાઈ પટેલ, ભુપેન્દ્ર ચેતનભાઈ બનોધા, નરેશ ભરતસિંહ ઠાકોર, શબ્બીર હુસેનભાઈ ચન્કી, ભગવાનભાઈ ભવાનીશંકર શર્મા, અભેસિંગ ભુદરાભાઈ પટેલ, બાબુભાઈ સબુરભાઈ ડામોર, પ્રવિણભાઈ અભેસિંગ બારીયા, અર્જુનસિંહ જવરસિંગ બારીયા, ગણપત બકુલભાઈ પટેલ, કમલેશ નરસિંગભાઈ પટેલ, રૂચીરામ (રાજુ) ચેલારામ નથવાણી, મહેશભાઈ પીરૂમલ સોલંકી અને વિશાલભાઈ બાબુભાઈ ભરવાડને પોલીસે ઝડપી પાડ્યાં હતા. ત્યારે એક જુગારી પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે દાવ પરથી તેમજ ઝડપાયેલ જુગારીઓની અંગઝડતી માંથી રોકડા રૂપીયા ૨૪,૭૧૦/–ની રોકડ સાથે ૧૧ મોબાઈલ ફોન તેમજ ૦૬ વાહનો મળી કુલ રૂા.૨,૦૨,૫૧૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ સંબંધે ગાંધીનગરની સ્ટેટ વીજીલન્સની ટીમે સ્થાનીક પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે આ સંબંધે ઉપરોક્ત તમામ જુગારીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડાના ટુંકી વજુ ગામની ૪૦ વર્ષીય મહિલાની છેડતી કરી તેમજ ખેતર ખેડવા મામલે ગાળો આપતાં મહિલાએ ઝેરી દવા પી જતાં સારવાર માટે ખસેડાઈ

દાહોદ,

પોતાના ખેતરમાં કામ કરી રહેલી ગરબાડાના ટુંકી વજુ ગામની ૪૦ વર્ષીય મહિલા તેનાજ ગામના અને કુટુંબના યુવકે છેડતી કર્યા બાદ તે યુવકે ખેતર ખેડવાના મામલે ઝઘડો તકરાર કરી બેફામ ગાળો બોલતા તે મહિલાને મનમા લાગી આવતા તે મહિલાએ ચણા મોહવાની દવા પી જતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

ગરબાડા તાલુકાના ટુંકી વજુ ગામના નિશાળ ફવિચામાં રહેતી ૪૦ વર્ષીય યુવતી પોતાના ખેતરમાં સાંજે ચારેક વાગ્યાના સુમારે કામ કરતી હતી. તે વખતે તેના ફળિયામાં રહેતો ગીરીષભાઈ સુરસીંગભાઈ ગોહીલે ાવી તે યુવતીનો હાથ પકડી છેડતી કરી હતી તેમજ તા. ૨૮–૬–૨૦૨૩ના રોજ તે યુવતી પોતાના ખેતરમાં ટ્રેક્ટર લઈ વાવણી કરવા ગઈ હતી. તે વખતે ગીરીષ ગોહીલે બેફામ ગાળો બોલતા તે યુવતી પોતાના ઘરે પરત જતી રહી હતી. તે પછી ગીરીષ ગોબીલે તે યુવતેની તે ખેતર કેમ ખેડ્યું અને કોને પુછીને ખેડ્યુ તેમ કહી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધાકધમકી આપતાં તે યુવતીના મનમાં લાગી આવતાં તે યુવતીએ ચણા મોહવાની દવા ગટગટાવી લેતા તેની હાલત બગડતાં તેને સારવાર ંમાટે ગરબાડા સરકારી દવાખાને ખસેડવામાં આવતા આ અંગેની જાણ ગરબાડા પોલીસને થતાં ગરબાડા પોલીસે ગરબાડાસરકારી દવાખાને દોડી આવી હતી અને તે વખતે દવાખાનામાં સારવાર લઈ રહેલી તે યુવતીએ આ સંબંધે પોતાની ફરિયાદ નોંધાવતા ગરબાડા પોલીસે છેડતીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદનાં ઉપક્રમે ઉદ્યમશિલતા વિકાસ પ્રશિક્ષાર્થીઓનો કાનૂની જાગૃતિ અવેરનેસ કાર્યક્રમ યોજાયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના આદિવાસી વિકાસ ભવન, BSNL સામે, ચાકલિયા રોડ ખાતે જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદના ઉપક્રમે ઉદ્યોગ સ્થાપવા ઈચ્છતા ઉદ્યોગ સાહસિકોને પ્રશિક્ષણ પ્રશ્ચાત, કાનૂની જાગૃતિ શિબિર યોજવામાં આવી. જેમાં પેરા લીગલ વોલિયન્ટર હીરાલાલ સોલંકીએ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદના કાર્યોની વિસ્તૃત જાણકારી આપવામાં આવી. કાનૂની જાગૃતિ શિબિરમાં ડેવલોપમેન્ટ ઓફિસર રતનસિંહ બામણિયા, જીલ્લા ઉદ્યોગ વિભાગ માંથી નિવૃત્ત થયેલ હિંમતસિંહ ચૌહાણ, પ્રશિક્ષણના સંચાલક જીગ્નેશ ચૌહાણ, પ્રદીપ રાઠોડ અને પ્રશિક્ષાર્થીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

# દાહોદ શહેર અને જીલ્લામાં ગૌરીવ્રત પુરા થતાં જવારાઓનું જળાશયોમાં વિર્સજન કરાયું

દાહોદ,

દાહોદ શહેર સહિત જીલ્લામાં ગૌરી વ્રતની કુંવારીકા બાળાઓ દ્વારા ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. આજે કુંવારીકાઓ દ્વારા પોતાના જવારાઓનું જળાશયોમાં પુજા, અર્ચના કરી વિસર્જન કરવામાં આવ્યું હતું. છેલ્લા પાંચ દિવસથી કુંવારીકાઓ દ્વારા શીવજીની પુજા, અર્ચના કરી, નકોડા ઉપવાસ કર્યા હતાં.



ગૌરી વ્રતની હિન્દુ શાસ્ત્રોમાં અનેરૂ મહત્વ છે. મનગમતો માણીગરની ઈચ્છા સાથે કુંવારીકા બાળાઓ દ્વારા પાંચ દિવસ સુધી આ વ્રત કરે છે જેમાં પાંચ દિવસ સુધી નકોડા ઉપવાસ કરવામાં આવે છે. ભગવાન શીવજીને રીઝવવા માટે કુંવારીકાઓ દ્વારા પાંચ દિવસ સુધી શીવજીના મંદિરે જઈ શીવજીની પુજા, અર્ચના કરવામાં આવે છે. કુંવારીકા બાળાઓ દ્વારા જવારાઓનું એક ટોપલીમાં વાવેતર પણ કરવામાં આવે છે જેમાં જવારાઓને પાંચ દિવસ સુધી ઉછેરવામાં આવે છે અને પાંચ દિવસ સુધી જવારાઓની પણ પુજા, અર્ચના કરવામાં આવે છે. ગૌરી વ્રતના અંતિમ દિવસે જાગરણની રાત્રી હોય છે. આ જાગરણની રાત્રીના દિવસે ભજન, રાશ, ગરબા કરી જાગરણ કરવામાં આવે છે અને બીજા દિવસે વહેલી સવારે કુંવારીકાઓ દ્વારા વાવેતર કરેલ જવારાઓનું જળાશયોમાં વિસર્જન કરવામાં આવે છે. ત્યારે છેલ્લા પાંચ દિવસથી ગૌરીવ્રતની ભક્તિમય રીતે ઉજવણી કરતી કુંવારીકાઓ દ્વારા આજે પોત પોતાના જવારાઓનું જળાશયોમાં પુજા, અર્ચના કરી વિસર્જન કરવામાં આવ્યું હતું અને ત્યાર બાદ પોતાના ઉપવાસ છોડ્યાં હતાં. આજે વહેલી સવારથી જ દાહોદ શહેરના જળાશયોમાં કુંવારીકાઓ દ્વારા જવારાઓનું પુજા, અર્ચના કરી વિસર્જન કરવામાં આવ્યું હતું.

# કાળીડુંગરીની એસ.એન. કડકીયા હાઈસ્કૂલમાં બરછત અનાજની ઉપયોગિતા અને તેનું નિર્દર્શન



દાહોદ,

નહેરૂ યુવા કેન્દ્ર દાહોદ દ્વારા તારીખ ૫ /૭/ ૨૩ ના બુધવારના રોજ શાળામાં બરછત અનાજ સમાજ ઉપયોગીતા અને નિદર્શનનો એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં યુએન દ્વારા વર્ષ ૨૦૨૩ને ઈન્ટરનેશનલ મિલેટ યર તરીકે જાહેર કર્યું છે. જેમાં બરછટ અનાજ એટ્લે કે જાડાં ધાન્યનો સામાન્ય પરિચય અને ફાયદાની વાત કરી છે. આવા બરછટ અનાજ જેવા કે બાજરી, જુવાર, મકાઈ, નાગલી, સામો, રાજયનો, બંટી, કોદરા અને કોદરીનું નિદર્શન તેમજ ઉપયોગિતાની ચર્ચા અને ફાયદાઓની સમજ નહેરૂ યુવા કેન્દ્રના પરેશભાઈએ આપી હતી.

શાળાના આચાર્ય ચૌહાણે જણાવ્યું હતું કે, જીવન ટકાવવા માટે અનાજ જરૂરી છે. આપણે સૌ પ્રથમ બરછત અનાજ તરીકે બાજરીનો ઉપયોગ કરતા હતા. ભારતીય સંસ્કૃતિમાં આદર્શ જીવન માટે ઋષિઓએ જીવન જીવવાની રીતભાત અને સ્વાસ્થ્યપ્રદ ખોરાકનો સમન્વય કરી નિરામય આરોગ્ય અને સુખી જીવન માટે જગતને હમેશાં માર્ગદર્શન આપ્યું છે. વર્ષો પહેલાં આપણે ભોજનમાં અનાજની વૈવિદ્ય સભર વાનગીઓ પીરસાતી, દરેક ઋતુ મુજબ ઉજવાતા તહેવારની એક ચોક્કસ વાનગી સાથે જોડી માનવના સ્વાસ્થ્ય અને આરોગ્યનો ખ્યાલ રાખવામાં આવ્યો. ઉતરાણમાં તલની વાનગી, શીતળા સાતમના તહેવારે દહીં અને બાજરીને ખાંડીને બનાવવામાં આવતો હૂંબરો તો શરદ પુર્ણિમાએ દૂધ પૌઆ. તેની પાછળનો હેતુ આરોગ્ય સાથે જોડાયેલો હતો. લોકો સશક્ત અને નીરોગી હતા એનું કારણ સ્વાસ્થ્ય પ્રદ ખોરાક હતું.

# સંજેલી માંડવી રોડ, સંતરામપુર રોડ, રાજમહેલ રોડ પર ગટરનું ગંદુ પાણી રોડ પર વહેતાં ગંદકીનું સામ્રાજ્ય



દાહોદ,

દાહોદ જીલ્લાના સંજેલી ગ્રામ પંચાયત વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી વારંવાર આવેદન તેમજ લેખિત મૌખિત રજૂઆત કરવામાં આવે છે. ગટર, પાણી, નવીન ગટરો, રસ્તાઓ, ડસ્ટબિન, સાફ સફાઈ સહિત પ્રાથમિક સુવિધાઓને લઈને યોજાતી દરેક ગ્રામ સભાઓમાં ધારધાર રજુવાત કરવા છતાં પંચાયત તંત્રનું પેટનું પાણી પણ હલતું નથી. પંચાયત તંત્ર ખાડે ગયું હોય તેમ તંત્ર દ્વારા કહેવામાં આવે છે કે પંચાયતમાં ગ્રાન્ટ નથી આવક નથી ગ્રામજનો વેરો ભરતા નથી અને પંચાયતમાં આવક ના હોવાનું રટણ કરાય છે. હાલ સંજેલીમાં માંડલી રોડ, સંતરામપુર રોડ, રાજમહેલ રોડ પર પસાર થતી ગટરનું છેલ્લા અઠવાડિયાથી ગટરનું ગંદુ પાણી રોડ પર વહેવા લાગ્યું છે. જેના કારણે સ્થાનિક લોકોને તેમજ રાહદારીઓ અને વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મુખ્ય માર્ગ છતાં જવાબદાર અધિકારીનું પેટનું પાણી પણ હલતું નથી. ગામના સરપંચ તેમજ તાલુકાના અધિકારી પણ આ રસ્તેથી પસાર થતા હોય છે. તેમ છતાં પણ આ બાબતે યોગ્ય દયાન આપવામાં આવતું નથી.

# યુનિફોર્મ સિવિલ કોડ (યુ.સી.સી.)બીલ લાગુ ન કરવા ભીલ પ્રદેશ મુક્તિ મોર્ચા દ્વારા રાષ્ટ્રપતિને સંબોધીને સંજેલી મામલતદારને આવેદન પત્ર



સંજેલી,

ભારત દેશ બિન સાંપ્રદાયિક દેશ છે અને આપના દેશમાં તમામ ધર્મના લોકો હળીમળીને રહે છે. ભારતના કાયદા પંચ દ્વારા તા.૧૪ જૂન ૨૦૨૩ ના રોજ નાગરિક સંહિતાના સબંધમાં પબ્લિક નોટિસ જાહેર કરી હતી. અભિપ્રાય જણાવવામાં આવ્યા ત્યારે આ યુનિફોર્મ સિવિલ કોડ (યુ.સી.સી.) કોડ લાગુ પાડવામાં આવે તો આ આદિવાસી સમાજ જન્મથી માંડીને મૃત્યુ સુધી ભારત દેશની અન્ય જાતિ અને સમુદાયથી અલગ પડે છે. સમાન નાગરિક સંહિતાથી આદિવાસીના રૂઢિગત કાયદાઓ રદ થઈ જશે. આદિવાસીઓને પાસે કાયદા હેઠળ ઘણા આધિકારો મળ્યા છે, તે સમાપ્ત થઈ જશે. જમીન માફિયા દ્વારા આદિવાસી ની જમીન છીનવાય જવાનો ખતરો છે. ભારત દેશમાં વિવિધતામાં એકતા એ આપણી પ્રમુખ વિશેષતાઓમાં એક છે. ભારત એક ધર્મ નિરપેક્ષ દેશ છે. હિન્દુ, મુસ્લિમ, જૈન, બોદ્ધ, શીખ, આદિવાસીઓ વગેરે વસે છે અને અલગ અલગ વ્યક્તિગત કાયદા છે. હાલના સમયમાં આદિવાસીના મૂળ અધિકારો બંધારણની પાંચમી અને છઠ્ઠી અનુસૂચિ, રૂઢિગત ગ્રામ સભા, એટ્રોસિટી એક્ટ તથા અન્ય અધિકારોની અવગણના થઈ રહી છે, તો સમાન નાગરિક સંહિતા કાયદો લાગૂ કરવામાં આવે તો આદિવાસીના મુળ અધિકારો સમાપ્ત થઈ જશે. આદિવાસીઓની રૂઢિગત પરંપરાઓનું અને આદિવાસીઓની જળ, જંગલ અને જમીનનું જતન વગેરે કરવામાં આવે એવી માંગણી કરવામાં આવી હતી. આમ, ભીલ પ્રદેશ મુક્તિ મોર્ચા દ્વારા ભારત દેશમાં યુનિફોર્મ સિવિલ લાગુ ન કરવા માટે ભારત સરકારને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું.

# ગરબાડાના ભે ગામે દંપતિ ઉપર દિપડાએ હુમલો કરતાં સારવાર માટે ખસેડાયા

દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના ભે ગામે એક દંપતિ પર દિપડાએ હુમલો કરતાં દંપતિને નજીકની સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતા. ત્યારે દિપડાના હુમલાને પગલે ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

દાહોદ જીલ્લામાં દિપડાના હુમલાના બનાવો વધવા માંડ્યાં છે. ત્યારે દિપડાના હુમલાનો વધુ એક બનાવ સામે આવ્યો છે જેમાં ગરબાડા તાલુકના ભે ગામે રહેતાં દશરથભાઈ દિપાભાઈ રાઠોડ તથા તેમની પત્નિ મંજુબેન દશરથભાઈ રાઠોડ બંન્ને આજરોજ વહેલી સવારના સાડા સાત વાગ્યાના આસપાસ પોતાના ખેતરમાં ફુલોની વાડીમાં ફુલો તોડતાં હતા. તે સમયે જંગલ વિસ્તાર માંથી આવી ચડેલા વન્ય પ્રાણી દિપડાએ ઉપરોક્ત દંપતિ પણ હુમલો કરતાં દંપતિએ બુમાબુમ કરી મુકતા આસપાસના લોકો દોડી આવ્યાં હતાં. આસપાસાના લોકો દોડી આવતાં જોઈ દિપડો જંગલ વિસ્તાર તરફ ભાગી ગયો હતો. ત્યારે દંપતિને દિપડાએ શરીરે ઈજાઓ પહોંચાડતાં દંપતિને નજીકના સરકારી દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતા, જ્યાંથી વધુ સારવાર માટે દંપતિને દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવવામાં આવ્યાં હતા. ઘટનાની જાણ સ્થાનીક વન વિભાગના કર્મચારીઓને થતાં વન વિભાગના કર્મચારીઓ સ્થળ પર દોડી આવ્યાં હતાં. વન વિભાગના કર્મચારીઓ દ્વારા ગ્રામજનોને રાત્રીના સમયે ઘરની બહાર ન નીકળવાની સુચના આપી હતી. ત્યારે બીજી તરફ દિપડાના હુમલાને પગલે ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.270

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# મહિસાગરની માફક પંચમહાલમાં પણ કરોડોની ગેરરીતિ થયેલી "નલ સે જલ"ની કામગીરીની તપાસ ક્યારે નધરોળ સરકાર કરશે ???

- હાલોલ, કાલોલ, ગોધરા, શહેરા, મોરવા(હ), અને જાંબુઘોડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં યોજના શોભાના ગાંઠીયારૂપ.
- ભારે ભ્રષ્ટાચારના પગલે મહિસાગરના વાસ્મોના સાગમટે સાત કર્મચારીઓ સામે શિક્ષાત્મક પગલાં.
- શિક્ષાત્મક પગલાંના ઘેરા પ્રત્યાઘાતો પડોશી પંચમહાલ જીલ્લામાં વર્તાયા.
- ભ્રષ્ટ કોન્ટ્રાકટરો અને કર્મચારીઓને હયભય કરવાનો મોકળું મેદાન મળ્યું.
- પ્રજામાં ફરી એકવાર ફિયાસ્કારૂપ બનેલી યોજના ચર્ચાના ચકડોળે ચડી.
- ધારાધોરણ મુજબની PVC પાઈપના બદલે તકલાદી પાઈપોનો વપરાશ.
- પોતાની ગેરરીતિ પાઈપ લાઈનના ઓથાહેઠળ દબાવી દેવાઈ.
- ઠેરઠેર સામગ્રી તુટફુટ થઈ યોજનાનો ફિયાસ્કો થતાં નિષ્ફળ નિવડી.
- યોજનાનો ફિયાસ્કો થતાં સરકારી નાણાંનો વગર પાણીએ વ્યર્થ થયો હોવાનું ચિત્ર.

ગોધરા,
મહિસાગર જીલ્લામાં નલ સે જલ યોજનામાં ભારે ભ્રષ્ટાચારના પગલે સાગમટે સાત કર્મચારીઓ સામે શિક્ષાત્મક પગલાં ભરવામાં આવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જેના ઘેરા પડઘાં પડોશી જીલ્લામાં વર્તાતા પ્રજામાં ફરી એકવાર ફિયાસ્કારૂપ બનેલી યોજના ચર્ચાના ચકડોળે ચડી છે. કારણ કે, પંચમહાલ જીલ્લામાં એક વર્ષથી તકલાદી કામગીરી હાથ ધરાઈને કરોડો રૂપીયાની ગોલમાલ કોન્ટ્રાકટરો દ્વારા કરવામાં આવી હોવાની સાથે સ્થળ પર રફેદફે અને વેઠ ઉતારું કામગીરી તો ક્યાંક કાગળ પર કામ હાથ ધરવામાં આવી હોવાની અવારનવાર ઉઠેલી ફરિયાદો બાદ પણ હજુ પંચમહાલ જીલ્લામાં વાસ્મો કુંભકર્ણની નિંદ્રામાં પોઢી રહેતા ભ્રષ્ટ કોન્ટ્રાકટરો અને કર્મચારીઓને હયભય કરવાનો મોકળું મેદાન મળ્યું હોવાનું ગણગણાટ વ્યાપ્યો હતો.

આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ પછાત ગણાતા પંચમહાલ સહિત દેશના અનેક વિસ્તારો પીવાના પાણીની સમસ્યાથી ઘેરાયેલા છે. ત્યારે વર્ષ ૨૪-૨૫ દરમિયાન દેશનો એકપણ વિસ્તારના જન જન અને પશુઓ પીવાાના પાણીથી વંચિત ન રહે તેવા આશય સાથે નલ સે જલ યોજના અમલમાં મુકાઈને છેલ્લા ત્રણ વર્ષથી યોજનાના ભાગરૂપ વાસ્મો દ્વારા પંચમહાલ જીલ્લામાં ગામો ગામ કામગીરી હાથ ધરાઈ હતી. સરકારની મહત્વાકાંક્ષી યોજના હોવાના કારણે કેન્દ્ર સરકારે મસમોટું જીલ્લાને બજેટ ફાળવીને ખુલ્લા હાથે ફાળવણી કરવામાં કોઈ કચાસ રાખી નથી. છેલ્લા ૩ વર્ષથી ચાલતી કામગીરી દરમિયાન વાસ્મો કચેરીના કર્મચારીઓ અને કોન્ટ્રાકટરોની મીલીભગતથી કોઈપણ જાતના નિયમોને અનુસરવાને બદલે મનઘડત વહિવટ કરાયો છે. જેમાં પૈસાની લેતીદેતી કરીને યોજનાનો મકસદ સાકાર કરવામાં આવ્યો નથી. પંચમહાલ જીલ્લાના હાલોલ, કાલોલ, ગોધરા, શહેરા, મોરવા(હ), અને જાંબુઘોડા તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં આશરે ૭૦ ટકા કામગીરી પૂર્ણ કરાઈ છે. પરંતુ સ્થળ ઉપર તપાસ કરતાં મોટાભાગે વેઠ ઉતારું કામગીરી જોવા મળે છે. ધારાધોરણનો ખુલ્લે આમ ભંગ કરીને પોતાની ગેરરીતિ પાઈપ લાઈનના ઓથાહેઠળ દબાવી દેવામાં આવી છે. હાલમાં ઠેરઠેર અને ઘરે ઘરે નળ ગોઠવી દીધા છે. પરંતુ હજુ સુધી પીવાના પાણીના પાઈપ લાઈનના મુખ્ય સ્ત્રોતમાં જોડાણ નહીં અપાતા હાલ શોભાના ગાંઠીયા રૂપ ભાસે છે. અહીં છેલ્લા કેટલાક સમયથી બેરોકટોક પણે પંચમહાલ જિલ્લામાં જળ અને સ્વચ્છતા એકમ હેઠળ ચાલતા કામોમાં કર્મચારીઓ અને ખાનગી એજન્સીઓની મિલીભગતથી



ભ્રષ્ટાચાર આચરાયો હોવાની ગંભીર ફરિયાદો તથા આક્ષેપો છેલ્લા ઘણા સમયથી ઉઠી રહ્યા છે. સરપંચ તથા ચુંટાયેલા આગેવાનો દ્વારા અનેક ગંભીર કરાયેલી રજુઆતો જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે એસ્ટીમેન્ટ મુજબ નક્કી કરેલ ધારાધોરણ મુજબની PVC પાઈપના બદલે તકલાદી પાઈપો નાખવામાં આવી હોવાની બૂમો ઉઠી હતી. ઉપરાંત ગેલ્વોનાઈઝના કોક ના બદલે સાદા પ્લાસ્ટિકના કોક બેસાડી દેવાયા છે. તથા ભૌગોલિક પરિસ્થિતી અનુસાર લેવલીંગ કરવા માટે પૂરતા પ્રમાણમાં ખાડા ખોદવામાં આવ્યા નથી અને માત્ર જમીન ઉપર જ દબાવી દેવામાં આવતાં સામાન્ય ટ્રેકટર જેવા તથા અન્ય વાહનોની અવરજવરના કારણે ભુગર્ભમાં દબાયેલી તકલાદી પાઈપો તથા ચણતર સામગ્રી તુટફુટ થઈ છે. ગણતરીના દિવસો પર સ્થળ પર જ યોજનાનું કોઈ નામોનિશાન જોવા મળ્યું નથી અને હાલ યોજના બિનઉપયોગી નિવડતા ઈજારદારો અને કર્મચારીઓ દ્વારા કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર હાલોલ, કાલોલ, ગોધરા, શહેરા, મોરવા(હ), અને જાંબુઘોડા તાલુકામાં થયેલ હોવાનું માલુમ પડતા યોજનાનો પ્રથમ ઘાસે જ ફિયાસ્કો થતાં સરકારી નાણાંનો વગર પાણીએ વ્યર્થ થયો હોવાનું ચિત્ર સ્પષ્ટ જોવા મળે છે. આવી જ સ્થિતી અંગે મહિસાગર જીલ્લામાં રાજકોટ વિભાગની બે ટીમ દ્વારા જુદા જુદા વિસ્તારોમાં તપાસ હાથ ધરીને સ્થળ મુલાકાતમાં વપરાયેલી સામગ્રી અને સ્થિતી તેમજ જવાબદાર તંત્રના ભ્રષ્ટ અધિકારીઓ વિરૂદ્ધ ક્રોસ ચેકીંગ હાથ ધરતાં કરોડોનો ભ્રષ્ટાચાર આચરાયેલો હોવાનો બહાર આવતાં એક સાથે ૭ કર્મચારીઓને સસ્પેન્ડ સાથે બદલી કરી દેવામાં આવતાં પાણી પુરવઠા વિભાગમાં સન્નાટો વ્યાપી ગયો છે. ત્યારે પંચમહાલ જીલ્લામાં પણ આવી જ વરવી સ્થિતી વચ્ચે અનેક રજુઆતો બાદ પણ રાજ્ય સરકાર અને ભાજપા શાસકો ઘોર નિંદ્રામાં પોઢી રહ્યા છે. આથી, પંચમહાલવાસીઓ ઈચ્છી રહ્યા છે કે, આવા ભ્રષ્ટ કોન્ટ્રાકટરો અને ભ્રષ્ટ કર્મચારીઓની મીલીભગતનો તપાસ બાદ પર્દાફાશ કરીને શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

## ઉપાધ્ય જેઠાભાઈ ભરવાડની રજુઆતનું.... પાણીના નામે ભૂ....

તાજેતરમાં શહેરા તાલુકામાં નલ સે જલ યોજનામાં કોઈ સફળ કામગીરી કરવામાં આવી નથી અને કોન્ટ્રાકટરો દ્વારા ભારે ગેરરીતિ આચરવામાં આવી હોવા અંગે સ્થાનિક ધારાસભ્ય અને વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ દ્વારા ખુદ ભાજપા સરકારની કામગીરીની પોલ ખોલીને મુખ્યમંત્રી સમક્ષ ગંભીર રજુઆત કરીને તપાસની ઉગ્ર માંગ કરવામાં આવી હતી. પરંતુ આજે ૩ માસ જેટલો લાંબો સમય વિતવા છતાં કોઈ પરિણામ નહીં મળતા રજુઆતનું સૂરસુરીયું થઈને "પાણીના નામે ભૂ..." જેવો ઘાટ સર્જાયો છે.

## જવાબદારોને છાવરવામાં આવ્યા હોવાની પ્રજામાં ચર્ચા....

જે તે વખતે સ્થાનિક આગેવાનો દ્વારા કોન્ટ્રાક્ટર દ્વારા કામગીરીમાં મનમાની કરવામાં આવી હોવાની સાથે સ્થળ પર સામગ્રીનું નામોનિશાન જોવા ન મળતાં યોગ્ય કાર્યવાહી કરવા અંગે જથ્થા બંધ રજુઆતો થઈ હતી. તાજેતરમાં વ્યાપક પ્રમાણે ઉઠેલી બુમ બાદ કલેક્ટર, ડી.ડી.ઓ., ગાંધીનગર વાસ્મો, વિજીલન્સ જેવી ટીમોએ ધાડાને ધાડા ઉતરી જઈને તપાસ હાથ ધરી હતી. પરંતુ હજુ સુધી કોઈ પરિણામ ન મળતાં માત્ર દેખાડો જ કરવામાં આવ્યો અને જવાબદારોને છાવરવામાં આવ્યા હોવાનું ફલિત થતું રહ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

# પાવાગઢ ડુંગરને હરિયાળો બનાવવા માટે ગોધરા વન વિભાગની પહેલ

ગોધરા,
રાજ્ય સરકારના સઘન પ્રયત્નો થકી ઘનિષ્ઠ વનીકરણને લઈને વિવિધ ટેકનોલોજીના માધ્યમ દ્વારા બીજનું વાવેતર અને વિતરણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે ગોધરા વન વિભાગ દ્વારા પાવાગઢ ડુંગરને હરિયાળો બનાવવા અનેક પ્રયત્નો હાથ ધરાયા છે.

ગોધરા વન વિભાગ દ્વારા પાવાગઢ ડુંગરને હરિયાળો બનાવવા ઘનિષ્ઠ વનીકરણની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. વરસાદી ઋતુમાં વધારે વૃક્ષો વાવી શકાય તે માટે ડ્રોન ટેક્નોલોજી થકી પાવાગઢ ખાતે એરિયલ સિડીંગ કરવામાં આવી રહ્યું છે.



જીલ્લા વન અધિકારી મોરારીલાલ મીના (ડી.સી.એફ)ની અધ્યક્ષતામાં ગોધરા વન વિભાગ દ્વારા ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરીને પાવાગઢ પર્વતના દુર્ગમ વિસ્તારોમાં વિવિધ પ્રકારના વૃક્ષોના બીજનો છંટકાવ હાથ ધર્યો છે.

આ અંગે હાલોલ રેન્જ ફોરેસ્ટ અધિકારી સતીષ બારીયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, પાવાગઢ ખાતે આવેલ પર્વતમાં અંદાજીત ૪૦ હેકટર વિસ્તારમાં કુલ ૫૦૦ કિલો બીજનો છંટકાવ ડ્રોન દ્વારા કરવામાં આવી રહ્યો છે.આ સમગ્ર કામગીરી ત્રણ દિવસ સુધી ચાલશે.

વધુમાં તેમણે જણાવ્યું કે,અત્યારે વાંસ, સીતાફળ, કણજ, ખાટી આમલી, બોરસ આમલી, ખેર સહિત કુલ સાત પ્રકારના વૃક્ષોના બીજનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. દુર્ગમ વિસ્તારોમાં જ્યાં માણસે પહોંચવું મુશ્કેલ હોય ત્યાં સરળતાથી અને ઝડપી વૃક્ષારોપણ કરવામાં આ લો કોસ્ટ ટેક્નોલોજી ખૂબ ઉપયોગી નીવડી રહી છે, તેમ તેમણે જણાવ્યું હતું.

# શહેરાના મીઠાપુર પંચાયત કચેરી માંથી ચોરી થયેલ કોમ્પ્યુટર સહિતના મુદ્દામાલ સાથે હાંસેલાવ ચોકડી પાસે ઈસમોને પોલીસે ઝડપ્યા

શહેરા,
શહેરા તાલુકાના મીઠાપુર ગ્રામ પંચાયત કચેરી માં થયેલ ચોરીનો ભેદ પોલીસે ઉકેલી કાઢ્યો હતો. પોલીસે બે ચોર પાસેથી ગ્રામ પંચાયત કચેરી માંથી ચોરી થયેલ કોમ્પ્યુટર સહિતનો ચોરીનો મુદ્દામાલ કબજે લઈને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

શહેરા તાલુકાની મીઠાપુર ગ્રામ પંચાયત કચેરીમાં ૧૦દિવસ અગાઉ રાત્રિના સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ ગ્રામ પંચાયત કચેરીનો દરવાજો તોડી કચેરીમાં પ્રવેશ કરી કોમ્પ્યુટર, પ્રિન્ટર અને સિલિંગ પંખાની ચોરી કરીને પલાયન થઈ ગયા હતા. આ બાબતે પોલીસ મથકે અજાણ્યા ચોર ઈસમો સામે ફરિયાદ નોંધાતા પોલીસે ચોરીનો ભેદ ઉકેલી ચોર ઈસમોને પકડી પાડવા માટે



ચક્રોગતિમાન કર્યા હતા. ત્યારે પોલીસ મથકના પોલીસ ઈન્સપેક્ટર પી.એમ.જુડાલને ખાનગી બાતમીદાર દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે હોંસેલાવ ચોકડી નજીક બે ઈસમો બિલ વગરનું કોમ્પ્યુટર તેમજ સીલિંગ પંખો લઈને વેચવા ફરે છે. જે બાતમીના આધારે પોલીસ ઈન્સપેક્ટર પી.એમ.જુડાલે પોલીસ મથકના સર્વેલન્સ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.એમ.ડામોર તેમજ તેમની ટીમને સૂચના આપતા બાતમીવાળી જગ્યાએ જઈ તપાસ કરતા હોંસેલાવ ચોકડી નજીક એસર કંપનીનું કોમ્પ્યુટર, પ્રિન્ટર તેમજ સીલિંગ પંખા સાથે બે શંકાસ્પદ ઈસમો મળી આવતા પોલીસે બંનેને ઝડપી પાડી તેઓના નામઠામ પુછતા એક ઈસમે મીઠાપુર બારીયા ફળિયાનો કિરણ શનાભાઈ બારીયા જયારે બીજા ઈસમે લુણાવાડા તાલુકા વાંકોડા ગુગલીયા ફળિયાનો સુરપાલ બળવંતભાઈ પટેલીયા હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ આ બંને ઈસમોની પૂછપરછ કરતા આ મુદ્દામાલ ગત તા.૨૧/૦૬/૨૩ ના રોજ મીઠાપુર ગ્રામ પંચાયત કચેરીનું તાળું તોડી ચોરી કરેલાની કબુલાત કરી હતી. આમ, શહેરા પોલીસ દ્વારા શહેરા પોલીસ મથકે નોંધાયેલા ચોરીના અનડિટેકટ ગુન્હાનો ભેદ ઉકેલી ચોરીનો ગુન્હો ડિટેક્ટ કરી ચોરીના મુદ્દામાલ સાથે બે ઈસમોની ધરપકડ કરવામાં આવી હતી.

# હાલોલ પાવાગઢ રોડ ટીમ્બી ચોકડી પાસે માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલ વ્યકિતનો મૃતદેહ પાંચ કલાક રોડ ઉપર પડયો રહ્યો

## પોલીસે મૃતદેહનો કબ્જો મેળવી હોસ્પિટલમાં લાવતા તપાસમાં નીલકંઠ સોસાયટીના માનસીક અસ્વસ્થનો હોવાનું સામે આવ્યું

હાલોલ,
હાલોલ પાવાગઢ રોડ ઉપર આવેલ ટીમ્બી ચોકડી પાસે માર્ગ અકસ્માતની ઘટનામાં એક વ્યક્તિનું મોત નિપજાવા પામ્યું હતું. નેશનલ હાઈવે ઉપર ૫ કલાક સુધી મૃતદેહ વચ્ચોવચ પડી રહ્યો હતો. સ્થાનિક લોકો દ્વારા માનવતા ભાળે મૃતદેહ સફેદ કપડું ઓઢાચું હતું. ઘટના પાંચ કલાક બાદ ઘટના સ્થળે પહોંચેલ હાલોલ રૂરલ પોલીસે મૃતદેહને હાલોલ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને ઓળખ કરવાની કાર્યવાહી કરતા હાલોલ નીલકંઠ સોસાયટી રહેતા પરિવારના માનસીક અસ્વસ્થ વ્યકિતનો હોવાનું ખુલવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ પાવાગઢ રોડ ઉપર આવેલ ટીમ્બી ચોકડી પાસે માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલ વ્યકિતનો મૃતદેહ નેશનલ હાઈવે રોડની વચ્ચે પાંક કલાક સુધી ખુલ્લો પડયો હતો. સ્થાનિક લોકો દ્વારા માનવતા ધર્મ દાખવીને મૃતદેહ ઉપર સફેદ કપડું ઓઢાડવામાં આવ્યું હતું. હાઈવે રોડ ઉપર આધેડ વ્યકિતનો અકસ્માત થતાં મૃતદેહ પડયો હોવાની જાણ હાલોલ રૂરલ પોલીસને કરતાં માંડ પાંચ કલાક બાદ અકસ્માત સ્થળે પહોંચીને મૃતદેહનો કબ્જો મેળવીને હાલોલ રેફરલ



હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને વાલી વારસોની તપાસ હાથ ધરી હતી. જેમાં હાલોલ કંજરી રોડ ઉપર નીલકંઠ સોસાયટીમાં રહેતા પરિવારના ગોપાલભાઈ શાહનો હોવાનું સામે આવ્યું હતું. મૃતકના પરિવારજનો હોસ્પિટલમાં પહોંચ્યા હતા. પરિવારજનો દ્વારા જણાવાયું કે, ગોપાલભાઈ શાહ લગ્ન થયેલ હોય પુત્રી અને પત્ની સાથે રહેતા ન હોય મામલો કોર્ટમાં હોવાથી માનસીક તાણ અનુભવતા ગોપાલભાઈ શાહની માનસીક સ્થિતી બગડી હતી. તેઓ મોટાભાઈ અને નાનાભાઈ દેખભાળ રાખતા હતા. રાત્રીના સમયે જમ્યા બાદ ગોપાલભાઈ ક્યાંક નિકળી ગયા હતા. પરિવારજનો અગાઉ અનેક વખત ઘરેથી નિકળી જતાં શોધી લવાતા હતા. પરંતુ અજાણ્યા મૃતદેહ મળ્યાથી જાણ થતાં હોસ્પિટલમાં પહોંચતા ગોપાલભાઈ શાહનો મૃતદેહ હોવાથી ખાત્રી સાથે મૃતદેહનો કબ્જો મેળવ્યો હતો.

# ટીંબા ગ્રામ પંચાયત ખાતે મિલેટ વર્ષ ૨૦૨૩ અંતર્ગત વાનગી સ્પર્ધાનું આયોજન થયું



ગોધરા,
ટીંબા ગામ ખાતે ગ્રા.પં.ઓફિસ (રાજીવ ગાંધી ભવન)માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારની વિવિધલક્ષી યોજનાઓ અંતર્ગત આઈ.સી.ડી.એસ. તથા આરોગ્ય શાખા, ગ્રા.પં. ટીંબાગામ દવારા આયોજીત "મિલેટ વર્ષ ૨૦૨૩" (વાનગી સ્પર્ધાનું) ખુબ સુંદર આયોજન કરવામાં આવ્યું. જેમાં દરેક પ્રકારના ધાન્ય, તથા તેમાંથી બનાવેલ વાનગી માંથી મોટી કાટડી, ટીંબા ગામને પ્રથમ, દ્રીતીય, તૃતીય નંબર પધારેલ મહેમાન ગોપાલભાઈ પટેલ, ગૌરાંગભાઈ પટેલ દંડક તા.પં.ગોધરા, ડોક્ટર, આરોગ્ય સ્ટાફ, આગણવાડી કાર્યકરબેનો, સુપરવાઈઝર, ગોઠડા, ટીંબા ગામ સરપંચ, રાકેશભાઈ મકવાણા, મહિલાઓ, બાળકો હાજર રહી ખુબ સુંદર વક્તવ્ય સાથે નંબર આપી વિજેતા જાહેર કરી કાર્યક્રમને સફળ બનાવ્યો. તે બદલ સૌનો આભાર.

# પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં મોડી રાત્રે મેઘમહેર થતાં વાતાવરણમાં ઠંડક



## શહેરાના ભાગોળ રેલ્વે ફાટક પાસે અંડરબ્રીજની દિવાલ ધરાશાહી થતાં દુકાનોની દિવાલને નુકશાન.

ગોધરા,
પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં ભારે ઉકળાટ અને બફારા બાદ મોડી રાત્રીએ મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા. વરસાદ પડતાં બફારા માંથી રાહત મળી હતી. અડધા કલાક જેવા વરસાદમાં નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. શહેરા ભાગોળ રેલ્વે ફાટક પાસે અંડરપાસ નજીક ગટર લાઈટના એક ભાગ તુટી જતાં દુકાનોની દિવાલને નુકશાન થવા પામ્યું હતું.

પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં મેઘરાજાએ વિરામ લેતાં લોકો ગરમી અને બફારા થી ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. ત્યારે બુધવારે મોડી રાત્રીએ મેઘરાજા મનમૂકીને વરસી પડ્યા હતા. અડધાથી પોણા કલાક સુધી ધોધમાર વરસાદ પડ્યો હતો. જેને લઈ શહેરના નીચાણવાળા વિસ્તારોમાં રોડ ઉપર પાણી ભરાઈ ગયા હતા. ગોધરા શહેરા ભાગોળ રેલ્વે ફાટક પાસે નિર્માણ થતાં અંડરબ્રીજ પાસે કરિયાણા, ફુટવેર અને લેડીઝ મટીરીયલ્સની દુકાન આવેલ છે. જ્યાં ગટરની લાઈનની દિવાલના ભાગ તુટી પડ્યો હતો. જેને લઈ દુકાનોની દિવાલને પણ નુકશાન થયું હતું. મોડી રાત્રીના બનાવ હોવાથી જાનહાનિ થવા પામી ન હતી. શહેરા ભાગોળ અંડરપાસની દિવાલ ધારાશાહિ થતાં અંડરપાસની કામગીરી કરતાં કોન્ટ્રાકટર દ્વારા ત્રણેય દુકાનો પાસેનો રસ્તો રાહદારીઓની સલામતીને ધ્યાનમાં રાખીને બંધ કરી દેવામાં આવ્યો.

## પંચમહાલ જીલ્લામાં નોંધાયેલ વરસાદી આંકડા

શહેરા- ૪૪ મી.મી.
મોરવા(હ)-30 મી.મી.
ગોધરા - ૫0 મી.મી.
કાલોલ - 00 મી.મી.
ઘોઘંબા - ૨ મી.મી.
હાલોલ - ૪૮ મી.મી.
જાંબુઘોડા - 00 મી.મી.

# કાલોલના મધવાસ શંકરપુરા ગામેથી ૫ ઈસમોને જુગાર રમતા ઝડપ્યા

કાલોલ,
કાલોલ તાલુકાના મધવાસ શંકરપુરા ગામે મંદિર નજીક કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી પાંચ ઈસમોને ૨,૩૮૦/- રૂપીયા સાથે ઝડપ્યા. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના મધવાસ શંકરપુરા ગામે મંદિર પાસે જીલ્લામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન બહાદુર રંગીતભાઈ સીકલીગર, મહેશ ભીખાભાઈ સીકલીગર, વિરેન્દ્ર ડાહ્યાભાઈ સીકલીગર, દિનેશ બુધાભાઈ સીકલીગર, ધમેન્દ્ર મનુભાઈ સીકલીગરને ઝડપી પાડયા હતા. પકડાયેલ ઈસમોની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ ૨,૩૮૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો.


## શહેરા નગરપાલિકા
### જાહેર નિવિદા
### ટેન્ડર નોટીસ નં.૦૫, વર્ષ ૨૦૨૩-૨૪

મુખ્ય અધિકારી, નગરપાલિકા શહેરા દવાર સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.૮૮ વર્ષ ૨૦૧૯-૨૦ હેઠળ શહેરા નગરપાલિકાના વિસ્તારમાં ગોધરા-લુણાવાડા હાઈવે રોડ ગુરૂકૃપા કોમ્પલેક્ષની બાજુમાં આવેલ વરસાદી પાણીના કોતરને સફાઈ કરવાનું તથા લાઈનીંગ કરવાના કામ માટે રજીસ્ટર કોન્ટ્રાકટરો પાસે થી ઓન લાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. જૈની અંદાજીત રકમ અનુક્રમે રૂા.૧૬,૨૧,૪૦૬.૦૦ છે.

ટેન્ડર તા.૧૭/૦૭/૨૦૨૩ સમય ૧૮.૦૦ કલાક સુધી ડાઉનલોડ તથા સબમીશન કરી શકાશે, તથા ટેન્ડર ફી, ઈ.એમ.ડી. તથા બીજા ડોકયુમેન્ટ તા.૨૧/૦૭/૨૦૨૩ સમય ૧૬.૦૦ કલાક સુધી નગર સેવા સદન કચેરી કામકાજ સમય દરમ્યાન રજુ કરવાનુ રહેશે. આ ટેન્ડર અંગેની શરતો અને માહિતી માટે વેબસાઈટ www.nprocure.com પરથી મળી શકશે.

શહેરા નગરપાલિકા/-

માહિતી/ગોધરા/૨૯૧/૨૦૨૩



## ટેન્ડર જાહેરાત

આથી સંબધકર્તા વેપારીઓ / સહકારી સંસ્થાઓ મંડળીઓ વિગેરે તમામ ને જણાવવાનુ કે ઔદ્યોગિક તાલીમ સંસ્થા,જાંબુઘોડા (ગ્રામ વિકાસ),તા.જાંબુઘોડા, જી. પંચમહાલમાં ચાલતા ટ્રેડો ૧) કોમ્પ્યુટર (કોપા) ૨) વાયરમેન ૩) ફિટર ૪) વેલ્ડર માટેની જરૂરી રો-મટીરીયલ કાચા માલસામાન, સ્ટેશનરી ખરીદી તેમજ મશીનરી રીપેરીંગ, ફર્નીચર રીપેરીંગ, મકાન મેન્ટેનન્સ, એસી રીપેરીંગ, CCTV રીપેરીંગ નાં મજુરી તેમજ |માલસામાન સાથેના ભાવો તેમજ તાલીમાર્થી પ્રવાસ મુસાફરી અંગેનાં ભાવો વિગેરે માટે અલગ અલગ ટેન્ડર ફોર્મ તા. ૦૧/૦૮/૨૦૨૩ થી તા. ૩૧/૦૭/૨૦૨૪ સુધીના સમય માટે વાર્ષિક ભાવપત્રકો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી થી મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ તથા તે અંગે ની શરતો તેમજ પરત સ્વીકારવાની તારીખ વિગેરે સંસ્થાના કાર્યાલયમાંથી ટેન્ડર ફોર્મ દીઠ રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચ સો પુરા) ચૂકવી જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૧૦ માં મેળવી લેવાના રહેશે.

આચાર્ય
ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જાંબુઘોડા
(ગ્રામ વિકાસ),તા.જાંબુઘોડા, જી. પંચમહાલ

તા.06/07/2023



## ટેન્ડર જાહેરાત

આથી સંબધકર્તા વેપારીઓ / સહકારી સંસ્થાઓ મંડળીઓ વિગેરે તમામ ને જણાવવાનુ કે ઔદ્યોગિક તાલીમ સંસ્થા અડાદરા, તા. કાલોલ, જી. પંચમહાલમાં ચાલતા ટ્રેડો ૧) કોમ્પ્યુટર (કોપા) ૨) વાયરમેન ૩) સૂઈંગ ટેકનોલોજી ૪) આર્મેચર મોટર રીવાઈન્ડીંગ માટેની જરૂરી રો-મટીરીયલ કાચા માલસામાન, સ્ટેશનરી ખરીદી તેમજ મશીનરી રીપેરીંગ, ફર્નીચર રીપેરીંગ, મકાન મેન્ટેનન્સ, એસી રીપેરીંગ, CCTV રીપેરીંગ નાં મજુરી તેમજ |માલસામાન સાથેના ભાવો તેમજ તાલીમાર્થી પ્રવાસ મુસાફરી અંગેનાં ભાવો વિગેરે માટે અલગ અલગ ટેન્ડર ફોર્મ તા. ૦૧/૦૮/૨૦૨૩ થી તા. ૩૧/૦૭/૨૦૨૪ સુધીના સમય માટે વાર્ષિક ભાવપત્રકો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી થી મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ તથા તે અંગે ની શરતો તેમજ પરત સ્વીકારવાની તારીખ વિગેરે સંસ્થાના કાર્યાલયમાંથી ટેન્ડર ફોર્મ દીઠ રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચ સો પુરા) ચૂકવી જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૧૦ માં મેળવી લેવાના રહેશે.

આચાર્ય
ઔદ્યોગિક તાલીમ સંસ્થા અડાદરા,
તા. કાલોલ, જી. પંચમહાલ

તા.06/07/2023